અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ જાન્યુઆરી ૨૦૨૫, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૭

વર્ષ : ૧૬
અંક : ૨૦૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

કોલકાતા રેપ મર્ડર કેસ : દોષિત સંજય રોયને આજીવન કેદની સજા

આરોપીએ ગયા વર્ષના ઓગસ્ટ મહિનામાં આ ઘટાને અંજામ આપ્યો હતા, સંજયે કહ્યું કે હું નિર્દોષ છું અને મને ખોટી રીતે ફસાવવામાં આવી રહ્યો છે

। (એજન્સી) કોલકાતા, તા.૨૦ ।

કોલકાતાની ઈય કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા ટ્રેડર ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસના આરોપી સંજય રોયને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. સાથે જ કહ્યું કે સંજય પર ૫૦ હજાર રૂપિયાનો દંડ પણ લગાવવામાં આવ્યો છે. સિયાલદહ કોર્ટના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અનિર્બન દાસે શનિવારે અને ૨૦ જાન્યુઆરીના રોજ રોયને ગયા વર્ષે ૯ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ હોસ્પિટલમાં એક મહિલા ગ્રેજ્યુએટ ટ્રેઈની ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યા માટે દોષિત ઠેરવ્યો હતો.

આ પહેલા સંજય રોયને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને તેને સજા અંગે પૂછપરછ કરવામાં આવી હતી. આ દરમિયાન ન્યાયાધીશે સંજયને કહ્યું કે તેના પર લગાવવામાં આવેલા આરોપમાં આજીવન કેદ અથવા તો મૃત્યુદંડની સજા થઈ શકે છે. તેના પર સંજયે કહ્યું કે હું નિર્દોષ છું અને મને ખોટી રીતે ફસાવવામાં આવી રહ્યો છે. આ દરમિયાન તેણે એમ પણ કહ્યું કે તેને જેલની અંદર ટોર્ચર કરવામાં આવ્યો હતો.

આ સિવાય લીગલ એન્ડના વકીલ સંજય રોયે કોર્ટને સવાલ કર્યો કે શા માટે મોતની સજા આપવામાં આવશે? સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે જો ગુનેગારને બદલવાનો કોઈ રસ્તો ન હોય તો જ તેને ફાંસી આપી શકાય. કોર્ટે કહેવું પડશે કે શું સંજય રોયને બદલવો અશક્ય છે? સંજયના વકીલે કહ્યું કે તેઓ ફાંસી વિરુદ્ધ નથી, પરંતુ સંજયને બદલવાની તક આપ વી જોઈએ.

ઓગસ્ટ મહિનામાં બનેલી આ ઘટનાને લઈને દેશભરમાં આક્રોશનું વાતાવરણ ઊભું થયું હતું અને લાંબા સમય સુધી વિરોધ પ્રદર્શનો ચાલુ રહ્યા હતા. ઈય કાર હોસ્પિટલના સેમિનાર રૂમમાંથી ૩૧ વર્ષીય ડૉક્ટરનો મૃતદેહ મળ્યો તેના એક દિવસ પછી ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સંજયની ધરપકડ કરવામાં આવી હતી. ન્યાયાધીશે તેમને ભારતીય ન્યાય સંહિતા (મ્દ્રજી)ની કલમ ૬૪, ૬૬ અને ૧૦૩(૧) હેઠળ દોષિત ઠેરવ્યો છે. સવારે લગભગ ૧૦.૧૫ વાગ્યે રોયને જેલમાંથી બહાર લાવવામાં આવ્યો હતો અને જ્યારે તેને કોર્ટમાં લાવવામાં આવી રહ્યો હતો ત્યારે પોલીસના અનેક વાહનો હાજર હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે સિયાલદાહ કોર્ટમાં લગભગ ૫૦૦ પોલીસકર્મીઓ ગોઠવવામાં આવ્યા છે અને અધિકારીઓએ કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે તમામ શક્ય પ્રયાસો કર્યા છે. જો કે, મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ ગોઠવ્યા હોવા છતાં, ઘણા લોકો કોર્ટ પરિસરમાં એકઠા થયા હતા અને કેટલાક આરોપીઓને જોવા માટે રેલિંગ પર ચઢવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા.

આરજી કર મેડિકલ રેપ કેસની સમયરેખા

ઓગસ્ટ મહિનામાં બનેલી આ ઘટનાને લઈને દેશભરમાં આક્રોશનું વાતાવરણ ઊભું થયું હતું અને લાંબા સમય સુધી વિરોધ પ્રદર્શનો ચાલુ રહ્યા હતા. ઈય કાર હોસ્પિટલના સેમિનાર રૂમમાંથી ૩૧ વર્ષીય ડૉક્ટરનો મૃતદેહ મળ્યો તેના એક દિવસ પછી ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સંજયની ધરપકડ કરવામાં આવી હતી. ન્યાયાધીશે તેમને ભારતીય ન્યાય સંહિતા (મ્દ્રજી)ની કલમ ૬૪, ૬૬ અને ૧૦૩(૧) હેઠળ દોષિત ઠેરવ્યો છે. સવારે લગભગ ૧૦.૧૫ વાગ્યે રોયને જેલમાંથી બહાર લાવવામાં આવ્યો હતો અને જ્યારે તેને કોર્ટમાં લાવવામાં આવી રહ્યો હતો ત્યારે પોલીસના અનેક વાહનો હાજર હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે સિયાલદાહ કોર્ટમાં લગભગ ૫૦૦ પોલીસકર્મીઓ ગોઠવવામાં આવ્યા છે અને અધિકારીઓએ કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે તમામ શક્ય પ્રયાસો કર્યા છે. જો કે, મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ ગોઠવ્યા હોવા છતાં, ઘણા લોકો કોર્ટ પરિસરમાં એકઠા થયા હતા અને કેટલાક આરોપીઓને જોવા માટે રેલિંગ પર ચઢવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા.

૯ ઓગસ્ટ ૨૦૨૪: હોસ્પિટલના સેમિનાર રૂમમાંથી એક મહિલા તાલીમાર્થી ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો.

૧૦ ઓગસ્ટ ૨૦૨૪: કોલકાતા પોલીસે આ કેસમાં સંજય રોયની ધરપકડ કરી. ૧૩ ઓગસ્ટ ૨૦૨૪: કોલકાતા હાઈકોર્ટે કેસની તપાસ કોલકાતા પોલીસ પાસેથી સીબીઆઈને સોંપી. ૧૯ ઓગસ્ટ ૨૦૨૪: સુપ્રીમ કોર્ટે આ કેસ પર નજર રાખવાનો નિર્ણય કર્યો. ૨૦ ઓગસ્ટ ૨૦૨૪: મેડિકલ પ્રોફેશનલ્સની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સુપ્રીમ કોર્ટે નેશનલ ટાસ્ક ફોર્સ (દ્વ્ર) ની રચના કરી. ૯ ઓગસ્ટ પછી દેશના ઘણા ભાગોમાં વિરોધ પ્રદર્શન થયા. ડોક્ટરોએ પણ કામ કરવાનું બંધ કરી દીધું હતું.

મારે પણ ત્રણ દીકરી છે, પુત્ર સંજયે ગુનો કર્યો હોય તો ફાંસી આપી દો

। કોલકાતા, તા.૨૦ ।

આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ટ્રેઈની મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં સેલ્ડાહ કોર્ટે આરોપી સંજય રોયને દોષિત જાહેર કરી દીધો છે.કોલકાતા રેપ મર્ડર કેસમાં દોષિત સંજય રોયને સિયાલદહ કોર્ટે આજીવન કેદની સજા સંભળાવી છે. આ સાથે કોર્ટે ૫૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. જોકે, આ પહેલાં સંજય રોયની માતા માલતી રોયે કહ્યું કે, તેમના પુત્ર સંજયે ગુનો કર્યો હોય તો તેને ફાંસીએ ચઢાવી દો. તેમને પણ ત્રણ છોકરીઓ છે. સેલ્ડોહ કોર્ટે સંજય રોયને દોષિત ઠેરવ્યા પછી મીડિયા સાથે વાત કરવામાં સંકોચ કરતાં માતા માલતી રોયે રવિવારે કહ્યું કે, કોર્ટ તેને ફાંસીએ લટકાવવાનો ચૂકાદો આપે તો પણ તેમને કોઈ વાંધો નથી. તેઓ કોર્ટના આદેશને પડકારશે નહીં, કારણ કે કોર્ટની નજરમાં ગુનો સાબિત થઈ ગયો છે. પીડિતાના માતા-પિતા પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું કે, તેઓ એક મહિલા અને તેમને પણ ત્રણ છોકરીઓ હોવાના નાતે પીડિતાના પરિવારની પીડા અનુભવી શકે છે. મારો પુત્ર દોષિત હોય તો તેને સજા મળવી જ જોઈએ. પછી ભલે તે ફાંસીની સજા કેમ ના હોય.

છેલ્લા એક વર્ષથી યુટ્યુબ પર બેન્ક લૂંટના વીડિયો જોઈ રહ્યો હતો દીકરાએ પૈસા કમાવવા માટે બેન્ક લૂંટવાની યોજના બનાવી

દીકરો યુટ્યુબ વીડિયો જોઈ બેન્ક લૂંટવા માટે પહોંચ્યો

। (એજન્સી) કાનપુર, તા.૨૦ ।

દરેક પિતાની ઈચ્છા હોય છે કે, પોતાનો દીકરો યુવાન થયા પછી બે પૈસા કમાતો થાય અને પોતાનું નામ કમાઈ. ત્યારે હવે ઉત્તર પ્રદેશમાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. પિતાએ પોતાના યુવાન દીકરાને પૈસા કમાવા અને નામ કમાવા માટે કહ્યું તો દીકરાએ શોર્ટકટ રસ્તો અપનાવ્યો અન તેના માટે યોજના પણ બનાવી દીધી. આ દીકરાએ પૈસા કમાવવા માટે બેક્ક લૂંટવાની યોજના બનાવી. તેના માટે તેણે યુટ્યુબ પર વીડિયો જોવાનું શરૂ કર્યું. ગુનેગારોએ એકલા હાથે બેક્કો લૂંટી હતી તેવા વીડિયો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ તે સંપૂર્ણ યોજના બનાવીને બેક્ક લૂંટવા ગયો. પરંતુ તે પહેલાં જ તે બેક્ક કર્મચારીઓ દ્વારા પકડાઈ ગયો. આ યુવક બીએસસીનો વિદ્યાર્થી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ યુવક સાયકલ પર પિસ્તોલ, છરી અને સર્જિકલ બ્લેડ લઈને બેક્ક લૂંટવા ગયો હતો. નવાઈની વાત એ છે કે આરોપીને પકડાઈ જવાનો બિલકુલ અફસોસ નથી. કાનપુરમાં શનિવારે સવારે લગભગ ૧૦:૦૦ વાગ્યે એક યુવાન સાયકલ પર ઘાટમપુર સ્થિત સ્ટેટ બેક્ક ઓફ ઈન્ડિયા, પતારા શાખાની બહાર પહોંચ્યો હતો. ત્યારબાદ તે પિસ્તોલ, છરી અને સર્જિકલ બ્લેડ લઈને બેક્કમાં ઘૂસ્યો. જ્યારે ગાર્ડે તેને રોક્યો ત્યારે તેણે ગાર્ડ પર છરી વડે હુમલો કરી દીધો.

ત્યારબાદ બેક્ક મેનેજર, કેશિયર અને અન્ય બેક્ક કર્મચારીઓએ ખૂબ જ મુશ્કેલીથી યુવાનને કાબૂમાં લીધો અને તેને દોરડાથી બાંધી દીધો. આ દરમિયાન બેક્ક મેનેજર સહિત ત્રણ બેક્ક કર્મચારીઓ ઘાયલ થયા હતા. આરોપી યુવક પણ ઘાયલ થયો હતો અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આરોપી ભાનમાં આવ્યો ત્યાર બાદ પોલીસે તેની પૂછપરછ કરી અને તેનો મોબાઈલ ફોન ચેક કર્યો ત્યારે તેનું ચોંકાવનારું કારનામું સામે આવ્યું. લવિશ મિશ્રા નામનો આ યુવાન બીએસસીના ત્રીજા વર્ષમાં છે અને તે આઈટીઆઈ પણ કરી રહ્યો છે. તે ઝડપથી ખૂબ પૈસા કમાવા માંગતો હતો, તેથી તેણે બેક્ક લૂંટવાની યોજના બનાવી.

પપ્પાએ કહ્યું જાત મહેનતે કમાઈને બતાય...

આરોપીનો મોટો ભાઈ અભય મિશ્રા દિલ્હીમાં એક ખાનગી કંપનીમાં કામ કરે છે અને તેના પિતા અવધેશ મિશ્રા ખેડૂત છે. પરિવાર પૈસાની દ્રષ્ટિએ બહુ ધનવાન નથી, તેથી જ્યારે તે પૈસા માગતો ત્યારે ઘણી વાર તેના પિતા તેને કહેતા કે પોતે કોઈ કામ શરૂ કરી દે અને જાત મહેનતે પૈસા કમાઈ બતાવ. તેથી પૈસા કમાવવા માટે યુવકે શોર્ટકટ અપનાવવાનું નક્કી કર્યું અને યુટ્યુબ પર બેક્ક લૂંટના વીડિયો જોવાનું શરૂ કર્યું. તે છેલ્લા એક વર્ષથી યુટ્યુબ પર બેક્ક લૂંટના વીડિયો જોઈ રહ્યો હતો. ખાસ વાત એ છે કે તેણે મોટાભાગે એવા વીડિયો જોયા હતા જેમાં કોઈએ એકલા હાથે બેક્ક લૂંટી હતી. આ તમામ વીડિયો જોયા અને પછી તેણે પતારાની સ્ટેટ બેક્ક લૂંટવાની યોજના બનાવી. એકલા હાથે બેક્ક લૂંટવા માટે યુવકે પોતાના હાથની હથેળી નીચે સર્જિકલ બ્લેડ અને પગમાં કોથળો સીવવાની સોય બાંધી. પછી હાથમાં ખુલ્લી પિસ્તોલ અને છરી લઈને તે સીધો બેક્કમાં ઘૂસી ગયો. આરોપીઓએ બેક્ક ગાર્ડ પર સીધો છરી વડે હુમલો કરી દીધો.

મહાકુંભમાં સાસુ ખોવાઈ જતાં પોક મુકીને રડવા લાગી વહુ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૦ ।

સોશિયલ મીડિયા પર હાલમાં મહાકુંભ છવાયેલો છે. મહાકુંભ સાથે જોડાયેલા કેટલાય વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે. કેટલાય વીડિયો મજેદાર હોય છે, તો કેટલાક વીડિયો ભાવુક કરી દેતા હોય છે. આવો જ એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક મહિલા રડતી દેખાઈ રહી છે. મહિલાને જ્યારે ત્યાં હાજર લોકોએ રડવાનું કારણ પૂછ્યું તો તે કહેવા લાગી કે તેની સાસુ ખોવાઈ ગઈ છે. સાસુ ખોવાઈ જતાં વહુ ખૂબ રડવા લાગી. આ જમાનામાં સોશિયલ મીડિયા પર સાસુને લઈને અલગ અલગ પ્રકારના મીમ્સ બનતા હોય છે. તો વળી એક મહિલા પોતાની સાસુ ખોવાઈ જવાના કારણે રડતી હોવાની ખૂબ ચર્ચા થઈ રહી છે.

વાયરલ વીડિયોમાં રડતી વહુને એક મહિલા પૂછી રહી છે, "શું થયું છે, તું શું કામ રડે છે?" તો મહિલા જણાવે છે કે, "તે પોતાની સાસુ સાથે કુંભમાં સ્નાન કરવા આવી અને તે હવે ખોવાઈ ગઈ છે." ત્યાં હાજર લોકો તેને સાંત્વના આપતા દેખાય છે અને કહી રહ્યા છે કે "ગભરાવાની વાત નથી. અનાઉન્સમેન્ટથી અનાઉન્સ કરાવી દો અને અહીં પોલીસના લોકો પણ છે, શોધીને લાવી આપશે. ચિંતા કરવાની જરૂર નથી."

આ વાયરલ વીડિયોને ૨ લાખ ૩૩ હજાર લોકો લાઈક કરી ચૂક્યા છે. તો વળી ૫૬ હજાર લોકોએ આ વીડિયોને શેર કર્યો છે. વીડિયો શેર કરતા કેપ્શનમાં લખ્યું કે, "મહાકુંભમાં માર્મિક દ્રશ્ય, સાસુમા માટે રડતી વહુ." આ વાયરલ વીડિયો પર લોકો ખૂબ કોમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે કોમેન્ટ કરતા લખ્યું કે, "અમે ગામવાળા, અમે હજુ સુધી સંસ્કાર ખોયા નથી. આ બહેને આ સાબિત કરી દીધું છે."

દેશનો પ્રથમ વર્ટિકલ લિફ્ટ અપ બ્રિજ તૈયાર કરવામાં આવ્યો

। નવી દિલ્હી, તા.૨૦ ।

દેશનો પ્રથમ વર્ટિકલ લિફ્ટ અપ બ્રિજ ફરી એકવાર પરિવહન માટે તૈયાર થઈ ચૂક્યો છે. ભારતના પવિત્ર તીર્થ સ્થળ રામેશ્વરમને ટ્રેન મારફત જોડતો પંબન બ્રિજનું રિકંસ્ટ્રક્શન પૂર્ણ થયું છે. આ સાથે ભારત ચીનની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી શકશે. શ્રીલંકાના હંબનટોટામાં ચીન અમુક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી રહ્યું છે. જેથી પંબન બ્રિજ તૈયાર થઈ જતાં હવે હંબનટોટા પર ચીનની ગતિવિધિઓની નજર રાખી શકાશે. બ્રિટિશ કાર્યકાળ દરમિયાન ૧૯૧૪માં પંબન બ્રિજનું નિર્માણ થયું હતું. પરંતુ તેનો અમુક ભાગ જર્જરિત થતાં અને ખામી સર્જાતાં ૨૦૨૨માં આ ટ્રેન બ્રિજને સમારકામ અર્થે બંધ કરવામાં આવ્યો હતો. હવે તેનું સમારકામ પૂર્ણ થઈ ચૂક્યું છે.

ન્યૂઝ બ્રિફ

દેવગઢ બારીઆમા આવેલ ફરસાણની દુકાનોમા ચોખ્ખાઈનો અભાવ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૦ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ મા અનેક વિસ્તાર મા ખાણી પીણી ની દુકાનો હાથલારી અને હોટલો આવેલ છે જેમાં ફરસાણો ની દુકાનો મા ગંદકી તો ઠીક છે કારીગરો હાથ મા મોજા માથા મા ટોપી તથા કપડાં પણ ચોખ્ખા પહેરતા નથી અને વાનગી બનાવતા એક જ તેલ નો વારંવાર ઉપયોગ કરવા માં આવે છે જેથી કરી ગ્રાહક ને બીમારીઓ નો સામનો કરવો પડે છે અને દવાખાના ના ચક્કર કાપવા પડે છે આ નગર વિસ્તાર આવેલ ફરસાણ ની દુકાન મા રોડ પર ખુલ્લેઆમ ગંદુ પાણી નાખી આવતા જતા રાહદારીઓ અને શાળા ના બાળકો ને આ ગંદા પાણી માં થી પસાર થવું પડે છે જેના કારણે નાના બાળકો શાળા ના ગંભીર રોગ મા સપડાય છે આ બાબત મા મામલતદાર પ્રાંત અધિકારી ચીફ ઓફિસર નગર પાલિકા ના સેનેટરી ઈન્સ્પેકટર ફૂડ ઈન્સ્પેકટર પણ આ બાબત મા કુંભ કર્ણની નિંદ્રા મા છે કેમ તે કઈ સમજાતુ નથી...

દેવગઢ બારીઆ તાલુકાની નદીઓમાથી બેફામ ગેરકાયદેસર રેતી કાઢતા રેતી માફીયાઓ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૦ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તાલુકામા રેતી માફીયાઓ પોતાની પેઢી માલિકી સમજી નદીમાથી ગેરકાયદેસર ખોદકામ કરી ગેર કાયદેસર રેતી કાઢી રહ્યા છીએ જેમાં દેવગઢ બારીઆ નગર ને અડી આવેલ પાનમ નદી મા થી રેતી કાઢવા મા આવે છે અને જાણવા અને સાંભળવા મળતા મુજબ લીઝ ધારક દ્વારા એવું બજાર મા કહેવા મા આવે છે કે અમે ખાણ ખનીજ તથા બીજા અન્ય અધિકારીઓ ને ભરપેટ રૂપિયા આપીએ છીએ જેને જે કરવું હોય કરી લે એટલે જ અમારી ગાડીઓ ઓવેલોડ થઈ મામલતદાર અને પ્રાંત ઓફિસ પાસે થી નીકળે છે અમારો વાળ કોઈ વાંકો ના થાય શું આ લીઝ ધારક જે વાત કરે છે તે સાચી અને ખરી છે શું ?? હવે જોવા નું રહ્યું જો લીઝ ધારક ખુલ્લે આમ કહેતા હોય અમે અધિકારીઓને રૂપિયા આપીએ છીએ તે હવે સરકારી તંત્ર જુએ કે હવે શું કાર્યવાહી કરવાની આ બાબત ની તપાસ કરી તમામ નદીઓ મા થી કાઢવા મા આવતી ગેરકાયદેસર રેતી ની લીઝ ને બંધ કરાવી કાયદેસરની કાર્યવાહી કરી દંડ વસૂલવા મા આવે તથા રાત્રિ દરમ્યાન ભરાતી રેતી ની લીઝ પણ બંધ કરવા મા આવે તેવી લોકમાંગ હવે જોવા નું રહ્યું જો લીઝ ધારક ખુલ્લે આમ કહેતા હોય અમે અધિકારીઓને રૂપિયા આપીએ છીએ તે હવે સરકારી તંત્ર જુએ કે હવે શું કાર્યવાહી કરવાની આ બાબત ની તપાસ કરી તમામ નદીઓ મા થી કાઢવા મા આવતી ગેરકાયદેસર રેતી ની લીઝ ને બંધ કરાવી કાયદેસરની કાર્યવાહી કરી દંડ વસૂલવા મા આવે તથા રાત્રિ દરમ્યાન ભરાતી રેતી ની લીઝ પણ બંધ કરવામા આવે તેવી લોકમાંગ...

ઓનલાઇન ટાસ્ક પૂરા કરવાના બહાને યુવક સાથે ત્રણ લાખ રૂપિયાની ઠગાઇ

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૨૦ ।

ઓનલાઈન ટાસ્ક પૂરા કરવાના બહાને કૃષ્ણનગરના યુવક સાથે ૩.૦૯ લાખ રૂપિયાની ઠગાઈ થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. જેમાં યુવકને પહેલો ટાસ્ક પૂરો કરવા સામેવાળાએ ૧૦૦૦ રૂપિયા ગૂગલ પેથી નખાવ્યા હતા. ત્યારબાદ ગણતરીની મિનિટોમાં જ ૧૪૧૦ રૂપિયા પરત કરતા યુવકને વિશ્વાસ આવી ગયો હતો અને તેણે જુદા જુદા એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા. નિકોલ વિસ્તારમાં ૨૭ વર્ષિય ફેનિલ સુરેશભાઈ ગોયાણી પરિવાર સાથે રહે છે અને લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. તે પોતાના ઉપયોગ માટે બેંક ઓફ મહારાષ્ટ્ર અને કોટક મહિન્દ્રા બેંકમાં ખાતું ધરાવે છે. ૧૨ જાન્યુઆરીના રોજ ફેનિલ પોતાના ઘરે હાજર હતો ત્યારે વોટ્સએપમાં અજાણ્યા નંબરથી મેસેજ આવ્યો હતો અને તમે ટાસ્ક રમી પૈસા કમાવા ઈચ્છો છો તેવી પુચ્છા કરી એક લીંક મોકલી હતી. જેથી ફેનિલે તે લીંક ઓપન કરી હતી અને એક ટાસ્ક પૂરો કરતા રૂ. ૨૧૦ રૂપિયા જમા થયા હતા. ત્યારબાદ બીજી અન્ય ચેનલોમાં પણ તે જોડાયો હતો અને ટાસ્ક પૂરા કર્યા હતા. જેના બદલામાં નજીવી રકમ તેના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી. છેલ્લે વિનોદ શર્મા નામની ટેલિગ્રામ ચેનલ પરથી એક લીંક મોકલી હતી અને કહ્યું હતું કે, ૧૦૦૦ રૂપિયા ગૂગલ પેથી મોકલી આપો થોડા સમયમાં બીજા પૈસા કમાઈને આપીશું. તેથી તાત્કાલીક ૧૦૦૦ રૂપિયા ગૂગલ પે કરતા અડધો કલાકમાં ૧૪૧૦ રૂપિયા પરત મોકલી આપ્યા હતા. જેથી ફેનિલને વિશ્વાસ આવી ગયો હતો તેથી તેણે ફરી ૩૦૦૦ મોકલી આપ્યા હતા અને ત્યારબાદ ૩૦૦૦ પરત મેળવવા કહ્યું હતું. ત્યારે સામેવાળી વ્યક્તિએ એક ટાસ્ક પૂરો કરો અને ૨૫ હજાર જમા કરાવો તેવી લાલચ આપી હતી. ઉપરાંત તમારા પૈસાનું ક્રિપ્ટોમાં રોકાણ કરીશું અને ઘણું મોટું વળતર મળશે તેમ કહી યુનીકોન નામની ક્રિપ્ટો કરન્સી ખરીદવા અલગ અગલ ખાતા નંબર મોકલી આપ્યા હતા. જેથી જુદા જુદા છથી વધુ ખાતામાં ટુકડે ટુકડે ફેનિલે ૩.૦૯ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. જેની સામે એક લીંક મોકલી આપી હતી. જેમાં ૩.૫૦ લાખ રૂપિયા બેલેન્સ હોવાનું જણાવ્યું હતું. પરંતુ તે બેલેન્સ ઉપાડી શકતો ન હતો. જેથી તેણે આ મામલે તેના મિત્રને જાણ કરી હતી. જેથી તેના મિત્રએ તેની સાથે ઠગાઈ થઈ હોવાનું જણાતા તેણે ઓનલાઈન ફરિયાદ કરી હતી. ત્યારબાદ આ મામલે ફેનિલે કૃષ્ણનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે.

દેવગઢ બારીઆ તાલુકામા આવેલ નદીઓમાથી કાઢવામા આવતી ગેરકાયદેસર રેતી

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૦ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તાલુકા ની નદીઓમા થી ખાણ ખનિજ વિભાગ અને સરકારી અધિકારીઓ તથા રાજકીય નેતાઓ ની રહેમ નજર હેઠળ રેતી ની લીઝ ચલાવતા લોકો ને લીલા લહેર છે દેવગઢ બારીઆ તાલુકા ની અમુક નદીઓ ચાલતી લીઝ મા કોઈ પણ પરવાનગી ના હોવા છતાં પણ લીઝો બારોબાર ચાલે છે અને રાત્રિ દરમ્યાન પણ રેતી કાઢવા મા આવે છે જે ઓવર લોડ રેતી ભરેલા પાણી નીકળતા વાહનો જેના કારણે રોડ ને ખુબ મોટું નુકશાન થાય છે રેતી ભરેલા વાહનો મામલતદાર પ્રાંત ઓફીસ પાસે થી પસાર થાય છે તો પણ કોઈ કાર્યવાહી કરવા મા આવતી નથી તથા આ રેતી ના ઓવેલોડ વાહનો પકડવા માટે દેવગઢ બારીઆ ના સરકારી અધિકારીઓ ને કોનો ડર લાગે છે તેનું કોઈ કારણ સમજાતું નથી આ બાબત મા થોડા સમય પહેલા આવેદન પત્ર પણ આપવા મા આવેલ તે બાબત મા પણ સરકારી અધિકારી દ્વારા કોઈ કાર્યવાહી કરવા મા આવી નહિ દેવગઢ બારીઆમા સરકારી તંત્ર જાણે કેમ કુંભકર્ણ નિંદ્રા મા છે તે કઈ સમજાતું નથી હવે જોવા નું રહ્યું કે આ ખાણ ખનિજ વિભાગ અને સરકારી તંત્ર રેતી ની ઓવર લોડ ચાલતી ગાડીઓ ને દંડ કરી કાર્યવાહી કરશે.

દબાણ કરનારાઓને તંત્રએ નોટિસ ફટકારી

ગુજરાતના દ્વારકામાં ૮ દિવસમાં કુલ ૫૨૫ દબાણો દુર કરાયા

એક વર્ષ પહેલાં પણ દેવભૂમિ દ્વારકામાં મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું

। અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાતના સુપ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકા અને બેટ દ્વારકા ખાતે મેગા ડિમોલેશનમાં ૮ દિવસમાં કુલ ૫૨૫ દબાણો દૂર કરાયા હતા. ૮ દિવસ ચાલેલા મેગા ડીમોલીશનમાં અનેક રહેણાક મકાનો સહિત, કોમર્શિયલ બાંધકામો અને ધાર્મિક બાંધકામો પર બૂલડોઝર ફરી વળ્યું હતું. અંદાજે રૂપિયા ૭૩.૫૫ કરોડની કિંમતની સરકારી જમીન પરનું દબાણ દૂર કરાયું હતું. તેની સાથે સાથે સાથે બેટ દ્વારકા અને ઓખામાં ૪ ધાર્મિક સ્થળ તોડી પડાયા હતા અને બેટ દ્વારકામાં ૨, આરંભડામાં ૧ ધાર્મિક સ્થળ પર બુલડોઝર ફર્યુ હતું.ગુજરાત હોટેલ્સદ્વારકા, બેટ દ્વારકા ઓખામાં આઠ દિવસ ચાલેલા મેગા ડીમોલેશન પૂર્ણ થયું હતું ,બેટ દ્વારકામાં અને ઓખામાં ૪ જ્યારે દ્વારકામાં ૨ અને આરંભડામાં ૧ ધાર્મિક સ્થળો અત્યાર સુધીમાં તોડી પાડવામાં આવ્યા હતા. ૮ દિવસ ચાલેલા મેગા ડીમોલેશમાં ૧,૨૭,૯૧૭ સ્કે.મીટર સરકારી જમીન ખુલ્લી કરાઈ છે. ૮ દિવસ સુધી ચાલેલા મેગા ડીમોલેશનમાં ૧ હજાર પોલીસ કર્મચારી એસ.આર.પી જવાનોએ ખડેપગે ફરજ બજાવી હતી.બેટ દ્વારકામાં ગેરકાયદેસર બાંધકામને નોટિસ આપવામાં આવી હતી.પાંચ દિવસના અંતે ૨૬.૩૩૨ ચો. મી સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી, હજુ પણ બેટ દ્વારકા ખાતે ગેરકાયદેસર દબાણ કરનારાઓને તંત્રએ નોટિસ ફટકારી છે.અત્રે ઉલ્લેખનીય છે કે, એક વર્ષ પહેલાં પણ દેવભૂમિ દ્વારકામાં મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું.

કિસ્ના ડાયમંડ અને ગોલ્ડ જ્વેલરીએ "શોપ એન્ડ વિન કાર" ઓફર સાથે વિજેતાને ખુશીની ચાવી ભેટ આપી

। અમદાવાદ, તા.૨૦ ।

ઈન્દોર, ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ - ભારતની અગ્રણી જ્વેલરી રિટેઈલ ચેઈન પૈકીની એક કિસના ડાયમંડ એન્ડ ગોલ્ડ જ્વેલરીએ સમગ્ર ભારતભરમાં તેના લકી ગ્રાહકોને ૧૦૦ મારૂતી સેલેરિયો કારની વહેંચણી કરી છે. આ કાર અભિયાનના ગ્રાન્ડ ફિનાલેના ભાગરૂપે ૧૧ શહેરોમાં એકસાથે વિજેતાઓને સોંપવામાં આવી હતી. આ રોમાંચક પહેલમાં ૫૧,૨૧૯થી વધારે ગ્રાહકોએ ભાગ લીધો હતો, જે ઝૂંબેશને કિસનાતેમજ જ્વેલરી ક્ષેત્રના ઈતિહાસમાં સૌથી સફળ ઝૂંબેશ પૈકીની એક બનાવે છે. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ શરૂ કરવામાં આવેલી આ ઝૂંબેશ ૧૮ જાન્યુઆરીના રોજ સમાપ્ત થઈ હતી. આ ઝૂંબેશનો ભાગ બનેલા ગ્રાહકોને રૂ. ૨૦,૦૦૦ અથવા તેથી વધારે મૂલ્યના ડાયમંડ, પ્લેટિનિયમ અને રત્નજડિત જ્વેલરી અથવા રૂ. ૫૦,૦૦૦ કે તેથી વધારે મૂલ્યની સોનાની જ્વેલરીની ખરીદી કરવા પર કાર જીતવાની તક પ્રાપ્ત થઈ હતી. ગ્રાહકો લકી ડ્રોમાં ભાગ લેવાની અને મારૂતી સુઝૂકી સેલેરિયો કાર જીતવાની તક ધરાવતા હતા. આ ઝૂંબેશ માનવંતા ગ્રાહકો માટે એક અવિસ્મરણીય ક્ષણનું સર્જન કરવાની કિસનાની કટિબદ્ધતાનો પુરાવો રજૂ કરે છે. આ ઝૂંબેશની ગ્રાન્ડ ફિનાલેના ભાગરૂપે કિસનાએ સમગ્ર ભારતભરમાંથી ૧૦૪ વિજેતાઓની પસંદગી કરી હતી. આ ઝૂંબેશમાં અન્ય પ્રદેશોની સાથે સાથે ૨૦,૭૯૫ ભાગ લઈ રહેલા ગ્રાહકો સાથે ઉત્તર ભારતમાંથી સૌથી વધારે સહભાગીતા જોવા મળી હતી. વિજેતાઓએ દિલ્હી, હરિયાણા, પંજાબ, મહારાષ્ટ્ર અને તમિલનાડુ સહિત જુદા-જુદા રાજ્યોમાં યોજાયેલી ખાસ યોજવામાં આવેલી ઈવેન્ટમાં તેમની કારની ચાવી મેળવી હતી. હરિ ક્રિષ્ણા જૂથના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી ઘનશ્યામ ધોળકિયાએ જણાવ્યું હતું કે, ઝૂંબેશને જ્વેલરીના ખરીદકર્તાઓ તરફથી મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદ અમારા ગ્રાહકોનો કિસના પ્રત્યેનો વિશ્વાસ અને લાગણીનો પુરાવો પૂરો પાડે છે. આ ઝૂંબેશ અમારા વફાદાર ગ્રાહકોને વાસ્તવિક અર્થમાં કંઈક અસમાન્ય હોય તેવું વળતર આપવાની તક પૂરી પાડીને તેમની સાથે ખુશીઓની વહેંચણી કરવાની ભાવનાની ઉજવણી કરે છે.

પશ્ચિમ રેલવે દ્વારા બે જોડી બાંદ્રા ટર્મિનસ-ભુજ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનોનું ભાભર સ્ટેશન પર સ્ટોપેજ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૧૨૯૫૯/૧૨૯૬૦ બાંદ્રા ટર્મિનસ-ભુજ સાપ્તાહિક સુપરફાસ્ટ એક્સપ્રેસ અને ટ્રેન નંબર ૧૨૯૬૫/૧૨૯૬૬ બાંદ્રા ટર્મિનસ-ભુજ એક્સપ્રેસ સાપ્તાહિક સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનોને ભાભર સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે: ૧ ટ્રેન નંબર ૧૨૯૫૯ બાંદ્રા ટર્મિનસ - ભુજ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન નો ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ થી ભાભર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન નો સમય ૦૪.૪૨/૦૪.૪૪ કલાક નો રહેશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૧૨૯૬૦ ભુજ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસનો તાત્કાલિક અસરથી ભાભર સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૨૨.૧૨/૨૨.૧૪ કલાક નો રહેશે. ૨. ટ્રેન નંબર ૧૨૯૬૫ બાંદ્રા ટર્મિનસ-ભુજ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનનો ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ભાભર સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૦૦.૩૧/૦૦.૩૩ કલાક નો રહેશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૧૨૯૬૬ ભુજ-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક એક્સપ્રેસનો ૨૪ જાન્યુઆરી ૨૦૨૫ થી ભાભર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન નો સમય ૨૨.૧૨/૨૨.૧૪ કલાકનો રહેશે.

પ્રયાગ સંસાર અને સંન્યાસ વચ્ચેનો સંગમ છે.

કથા ત્રિવેણીમાં સ્નાન કરવા તન સાથે મન, સિધ્ધિ ઉપરાંત બુધ્ધિ અને વિત્તની સાથે ચિત્ત પણ જરુરી છે.

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

પ્રયાગરાજનાં મહાકુંભ મેળામાં પરમાર્થ નિકેતન આશ્રમનાં સાંન્નિધ્યમાં ગવાઈ રહેલી રામકથાનાં બીજા દિવસે કહેવાયું કે કેટલીય વ્યાસપીઠો સવાર સાંજ કોઈને કોઈ ગ્રંથ લઈને મુખર થઈ રહી છે. રામચરિત માનસ સ્વયં મહાકુંભ છે.જેમાંથી કથાનું અમૃત નીકળે છે.અહીં જે સંગમ છે ત્યાં સ્નાન કરવા માટે તન એટલે કે શરીર લઈને આવવું પડે છે. બાપએ કહ્યું કે પૂરેપૂરા ભરોસા સાથે હું કહીશ કે દરેક કુંભમાં આપણાં ચર્મચક્ષુ ન જોઈ શકે એવી અશરીરી ચેતનાઓ અવશ્ય,અવશ્ય,અવશ્ય આવે છે. કથા ત્રિવેણીનાં સંગમમાં સ્નાન કરવા માટે માત્ર તન કામ નહીં કરે,અહીં મનને પણ લાવવું પડશે.ઘણા પોતાની સિદ્ધિઓ લઈને આવે છે.આ માનસ કુંભમાં બુદ્ધિ લઈને આવવું પડશે.બુદ્ધિ બહુ જરૂરી છે.જોકે આ તત્વ બુદ્ધિથી પર છે તો પણ એક પ્રજ્ઞા જરૂરી છે કથાકુંભમાં સ્નાન કરવા માટે વિત્તની સાથે-સાથે ચિત્ત પણ જરૂરી છે.અહીં સ્નાન કરવા માટે કપડાં બદલીએ છીએ,કથા કુંભમાં એક જ વસ્તુ ઉતારવાની છે-એ અહંકાર છે.આ પાણી નથી,પવિત્ર જળ છે.છતાં કહું કે ત્યાં પાણીમાં ડૂબકી લગાવાય છે અને અહીં સંતોની વાણીમાં ડૂબકી લગાવીએ છીએ. દર વખતે જાણે કે એક નવી-નવી કમળની પાંખડીઓ દરેક કુંભમાં ખુલી અને ખીલી રહી છે એવું લાગે છે. આ કથા ચાર ઘાટઃજ્ઞાન,ઉપાસના,કર્મ અને શરણાગતિના ઘાટ પર ચાલી રહી છે.શરણાગતિમાં કોઈ બુદ્ધપુરુષના ચરણોમાં રહેવું પડે છે પણ ત્યાંથી આપણે શિખરસ્થ થઈ જઈએ છીએ. શરણાગતિની ગોમુખમાંથી કથાની ધારા વહી રહી છે.શરણાગતિ માંથી આપણે પ્રવૃત્તિમાં પ્રવેશ કરીએ છીએ.ભારત ભૂમિ જ નથી,સનાતન બ્રહ્મની વિભૂતિ છે આ વાત તમારી પેઢી અને બાળકોનાં કાનમાં જરૂર નાંખજો. રામચરિત માનસમાં બાર સંગમ છે.અહીં પહેલો સંગમ યુગલ મુનિઓ-ભરત અને યાજ્ઞવલ્ક્યનો સંગમ થયો છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ બન્યું સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ આવરણીત ક્ષેત્ર, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે છોકરીઓને પાસબુકનું કર્યું વિતરણ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

આપણા દેશમાં છોકરીઓનું સ્થાન મહત્વપૂર્ણ છે. છોકરીઓના સશક્તિકરણ માટે, 'બેટી બચાવો, બેટી પઢાઓ' હેઠળ 'સુકન્યા સમૃદ્ધિ યોજના' દ્વારા પુત્રીઓના ઉચ્ચ શિક્ષણ, કારકિર્દી અને લગ્ન માટે આર્થિક સ્વતંત્રતા સુનિશ્ચિત કરવામાં આવી. ઉપરોક્ત વિચારો સૌરાષ્ટ્ર અને કચ્છ પરીક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૨૦ જાન્યુઆરીના રોજ દીવને સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ આવરણીત ક્ષેત્ર બનાવવાના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વ્યક્ત કર્યા. દીકરીઓને 'સુકન્યા સમૃદ્ધિ યોજના'ની પાસબુક અને ભેટોનું વિતરણ કરતી વખતે તેમણે કહ્યું કે આ દ્વારા દીકરીઓ આત્મનિર્ભર બનશે અને 'આત્મનિર્ભર ભારત'ની સંકલ્પના પણ સાકાર થશે. આ પ્રસંગે નાણાકીય સમાવેશ હેઠળ, પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેંક, મહિલા સન્માન સેવિંગ્સ સર્ટિફિકેટ, પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકની વિવિધ યોજનાઓ માટે ખાતા ખોલવામાં આવ્યા અને લોકોને આ યોજનાઓ વિશે જાગૃત કરવામાં આવ્યા. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે કન્યાઓનું સશક્તિકરણ પરિવાર, સમાજ અને આખરે રાષ્ટ્રને મજબૂત બનાવે છે. ૧૦ વર્ષ સુધીની છોકરીઓ માટે પોસ્ટ ઓફિસમાં માત્ર ૨૫૦ માં ખોલી શકાય તેવી સુકન્યા સમૃદ્ધિ યોજના માત્ર રોકાણનું સાધન નથી.

વિશેષ

અમરેલી જિલ્લાના કાગદડી ગામના ૧૯ વર્ષીય ન્યુઝી કોલડીયા બન્યા સમાજ માટે પ્રેરણાનું ઉદાહરણ

કાર અકસ્માતમાં કરોડરજ્જુમાં ઈજા થવાથી વ્હીલચેર પર આવ્યા, પરંતુ હિંમત ન હાર્યા અને પેરા રમત-ગમતની નેશનલ જુનિયર પેરા ગેમ્સમાં મેળવ્યો ગોલ્ડ

। (માહિતી) ગાંધીનગર ।

મિતેષ સોલંકી- કુલદીપસિંહ સોલંકી

અમરેલી જિલ્લાના કાગદડી ગામના ૧૯ વર્ષીય ન્યુઝી કોલડીયા હાલમાં તેમના પરિવાર સાથે અમરેલીમાં રહે છે. તેઓ ચાર વર્ષ પહેલા સામાન્ય નાગરિકોની જેમ પોતાનું જીવન જીવતા હતા. તે સમયે તેઓ ધોરણ ૧૧માં અભ્યાસ કરતા હતા. તેઓ વર્ષ ૨૦૨૦માં દિવાળી સમયે પોતાના પરિવારની સાથે સંબંધીને ત્યાં મુલાકાત સંદર્ભે કારમાં નીકળ્યા હતા. પરંતુ રસ્તામાં તેમનું કાર અકસ્માત થવાથી તેમના કરોડરજ્જુમાં ગંભીર ઈજા થઈ હતી, જેથી તેમને સારવાર અર્થે રાજકોટ હોસ્પિટલ ખસેડાયા હતા. રાજકોટ હોસ્પિટલમાંથી તો તેમને ડિસ્ચાર્જ મળી ગયો, પરંતુ કરોડરજ્જુમાં ગંભીર ઈજા થવાથી તેમનું ઓપરેશન કરવું અનિવાર્ય બન્યું હતું. પરંતુ અપરેશન બાદ પણ પહેલા જેવી અવસ્થામાં હરી ફરી શકતા નહોતા, જેથી તેમને કચ્છમાં બિદડા સર્વોદય ટ્રસ્ટ માટે ફિઝિયોથેરાપી માટે ખસેડાયા હતાં. જ્યાં તેમને તેમના જેવી ઘટિત ઘટનાના અનેક લોકો મળ્યા, ત્યાં તેઓ વ્હીલ ચેર પર રહેતા ફિઝિયોથેરાપી કરાવતા પરંતુ ક્યાંક મનમાં એવો ખ્યાલ આવતો કે હવે શું કરીશ. પરંતુ કહેવાય છે ને કે પરમાત્મા એક બારી બંધ કરે છે તો બીજી ખોલી દે છે.

ન્યુઝી કલોડિયાની મુલાકાત કચ્છ બિદડા સર્વોદય ટ્રસ્ટના ડો.અશોક ત્રિવેદી સાથે થઈ. તેમણે ન્યૂઝીને રમતગમત ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવવા માટેનું માર્ગદર્શન આપ્યું સાથેજ ન્યુઝીએ થેરાપીની સાથે-સાથે ડિસ્ક થ્રો અને ક્લબ થ્રોની તાલીમ લેવાનું શરૂ કર્યું. તેમાંથી તેઓએ રમતગમત ક્ષેત્રમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેમણે સ્ટેટ લેવલે ઘણી રમતો રમ્યા શરૂઆતના સમયમાં તેમણે અથાક પ્રયત્નો કર્યા મહેનત કરી પરંતુ સફળતા ન મળી. ત્યારબાદ બીજા વર્ષે પણ તેમણે પ્રયત્નો ચાલુ રાખ્યા અનેક રમત ગમતની ઈવેન્ટ કરી સાથે ઘરે તાલીમ લેતા અને અભ્યાસ પણ ચાલુ રાખ્યો. ત્યારબાદ વર્ષ ૨૦૨૪માં યોજાયેલ ૧૩મી જુનિયર અને સબ જુનિયર નેશનલ પેરાગેમ્સમાં તેમણે ક્લબ થ્રો અને ડિસ્ક થ્રોમાં ભાગ લીધો અને તેમની મહેનત રંગ લાવી તેમણે આ નેશનલ પેરાગેમ્સમાં ગોલ્ડ મેળવ્યો. ન્યુઝી કલોડિયાની મુલાકાત કચ્છ બિદડા સર્વોદય ટ્રસ્ટના ડો.અશોક ત્રિવેદી સાથે થઈ. તેમણે ન્યૂઝીને રમતગમત ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવવા માટેનું માર્ગદર્શન આપ્યું સાથેજ ન્યુઝીએ થેરાપીની સાથે-સાથે ડિસ્ક થ્રો અને ક્લબ થ્રોની તાલીમ લેવાનું શરૂ કર્યું. તેમાંથી તેઓએ રમતગમત ક્ષેત્રમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેમણે સ્ટેટ લેવલે ઘણી રમતો રમ્યા શરૂઆતના સમયમાં તેમણે અથાક પ્રયત્નો કર્યા મહેનત કરી પરંતુ સફળતા ન મળી. ત્યારબાદ બીજા વર્ષે પણ તેમણે પ્રયત્નો ચાલુ રાખ્યા અનેક રમત ગમતની ઈવેન્ટ કરી સાથે ઘરે તાલીમ લેતા અને અભ્યાસ પણ ચાલુ રાખ્યો. ત્યારબાદ વર્ષ ૨૦૨૪માં યોજાયેલ ૧૩મી જુનિયર અને સબ જુનિયર નેશનલ પેરાગેમ્સમાં તેમણે ક્લબ થ્રો અને ડિસ્ક થ્રોમાં ભાગ લીધો અને તેમની મહેનત રંગ લાવી તેમણે આ નેશનલ પેરાગેમ્સમાં ગોલ્ડ મેળવ્યો.

ન્યુઝી કોલડિયા જણાવે છે કે, મારા અકસ્માત બાદ મને મારા પરિવાર તરફથી ખૂબ જ હિંમત અને સાથ સહકાર મળ્યો છે. સાથેજ કચ્છ બિદડા સર્વોદય ટ્રસ્ટ ના ડોક્ટર અશોક ત્રિવેદી, શ્રી વિજયભાઈ છેડા તેમજ ટ્રસ્ટી શ્રી મુકેશભાઈ દોશીએ મને રમતગમત ક્ષેત્રમાં મારી કારકિર્દી ઘડતર માટે ખૂબ જ પ્રોત્સાહન આપ્યું છે અને માત્ર પ્રોત્સાહન જ નહીં પરંતુ પેરા સ્પોર્ટ્સમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે તાલીમ અપાવી મને જીવન જીવવાનો નવો દ્રષ્ટિકોણ દર્શાવ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને નેશનલ પેરા ગેમમાં ગોલ્ડ મેડલ મળ્યાની જાણ થતા તેઓએ મને શુભેચ્છા પત્ર પણ મોકલી આપ્યો હતો. શુભેચ્છા પત્ર મેળવ્યા બાદ અને ખૂબ જ આનંદની લાગણી અનુભવાય હતી. આજે ગુજરાત રાજ્ય સરકાર તરફથી પેરા રમત ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી રહી છે તેઓ દરેક પેરા ખેલાડીની દરેક પેરા ખેલાડીની દરેક જરૂરિયાતોનું ધ્યાન રાખી તેમને આગળ વધારવામાં મદદ કરી રહ્યા છે. જે મારા જેવા અનેક ખેલાડીઓ માટે ખૂબ જ ગૌરવની બાબત છે. હાલમાં મારે બી.એ.નો અભ્યાસ ચાલુ છે. હું ક્લબ થ્રો અને ડીસ્ક થ્રોની રમતની સાથે હવે ટેબલ ટેનિસની રમત પણ શરૂ કરવાની છું અને હરહંમેશ રમત ગમત ક્ષેત્રમાં ઉમદા પ્રદર્શન કરી સમાજ અને રાષ્ટ્રનું નામ રોશન કરીશ. ન્યુઝી કોલડિયા જણાવે છે કે, મારા અકસ્માત બાદ મને મારા પરિવાર તરફથી ખૂબ જ હિંમત અને સાથ સહકાર મળ્યો છે. સાથેજ કચ્છ બિદડા સર્વોદય ટ્રસ્ટ ના ડોક્ટર અશોક ત્રિવેદી, શ્રી વિજયભાઈ છેડા તેમજ ટ્રસ્ટી શ્રી મુકેશભાઈ દોશીએ મને રમતગમત ક્ષેત્રમાં મારી કારકિર્દી ઘડતર માટે ખૂબ જ પ્રોત્સાહન આપ્યું છે અને માત્ર પ્રોત્સાહન જ નહીં પરંતુ પેરા સ્પોર્ટ્સમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે તાલીમ અપાવી મને જીવન જીવવાનો નવો દ્રષ્ટિકોણ દર્શાવ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને નેશનલ પેરા ગેમમાં ગોલ્ડ મેડલ મળ્યાની જાણ થતા તેઓએ મને શુભેચ્છા પત્ર પણ મોકલી આપ્યો હતો. શુભેચ્છા પત્ર મેળવ્યા બાદ અને ખૂબ જ આનંદની લાગણી અનુભવાય હતી. આજે ગુજરાત રાજ્ય સરકાર તરફથી પેરા રમત ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી રહી છે તેઓ દરેક પેરા ખેલાડીની દરેક પેરા ખેલાડીની દરેક જરૂરિયાતોનું ધ્યાન રાખી તેમને આગળ વધારવામાં મદદ કરી રહ્યા છે. જે મારા જેવા અનેક ખેલાડીઓ માટે ખૂબ જ ગૌરવની બાબત છે. હાલમાં મારે બી.એ.નો અભ્યાસ ચાલુ છે. હું ક્લબ થ્રો અને ડીસ્ક થ્રોની રમતની સાથે હવે ટેબલ ટેનિસની રમત પણ શરૂ કરવાની છું અને હરહંમેશ રમત ગમત ક્ષેત્રમાં ઉમદા પ્રદર્શન કરી સમા

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં સંગમ વિસ્તારમાં મહાકુંભ મેળા ૨૦૨૫ દરમિયાન ભક્તો 'કલશ યાત્રા'માં ભાગ લીધો.

કેજરીવાલની કારે ટક્કર મારી ત્રણ યુવકોને ઇજા પહોંચાડી

ભાજપ નેતા વર્માએ કેજરીવાલની કાર પર પથ્થરમારો કરાવ્યો: આપ

સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને આપે દાવો કર્યો છે કે કેજરીવાલના વાહન પર એક પથ્થર જોઇ શકાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી અગાઉ હવે રાજકીય હિલચાલ તેજ બની રહી છે. આની સાથે જ આક્ષેપો પ્રતિઆક્ષેપોનો મારો પણ વધી રહ્યો છે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની કાર પર પથ્થરમારાની ઘટના બની છે. આમ આદમી પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્માના સમર્થકોએ નવી દિલ્હી મતવિસ્તારમાં પ્રચાર દરમિયાન આ હુમલો કર્યો છે. જોકે બીજી બાજુ વર્માનો દાવો છે કે કેજરીવાલની કારે ત્રણને કચડવાનો પ્રયાસ કર્યો હતો અને તેઓ કેજરીવાલ સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધાવશે. આ ઘટનાને કારણે દિલ્હીમાં સત્તારૂઢ આપ અને બીજેપી સામે વિધાનસભાની ચૂંટણી અગાઉ રાજકીય શબ્દયુદ્ધ ચાલુ થયું છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને આપે દાવો કર્યો છે કે કેજરીવાલના વાહન પર એક પથ્થર જોઈ શકાય છે. વર્માના ગુંડાઓએ આ હુમલો કર્યો છે.જોકે એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે કેજરીવાલની કાર પર કોઇએ પથ્થરમારો કર્યો નથી. પરંતુ કેટલાક લોકો આપ વડાને કાળા ધ્વજ દેખાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જોકે આ મામલે મોડીરાત્રિ સુધી કોઇ ફરિયાદ નોંધાવવામાં આવી નહતી. ઘટના અંગે વધુ જાણવા સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે નવી દિલ્હીમાં કેજરીવાલ અને પ્રવેશ વર્મા સામસામે વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા છે. આપના પ્રવક્તા પ્રિયંકા કક્કરે જણાવ્યું હતું કે વર્મા 'બોખલાઈ' ગયા છે.

ન્યૂઝ બ્રિફ

બાબાએ ઓન કેમેરા યુ-ટ્યુબરને થપ્પડ મારી દીધી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૦ ।

૧૩મી જાન્યુઆરીથી શરુ થયેલો મહાકુંભ અત્યારે આખા વિશ્વના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. શાહી સ્નાનની વાત હોય કે પછી વિવિધ અખાડાના નાગા બાબાથી લઈને દિવ્ય સંતો. જોકે, અમુક કિસ્સામાં લોકોને મળતી સુવિધાની વાત હોય કે પછી અન્ય પરિબળોને લઈને કુંભમેળો ચર્ચામાં છે. તાજેતરમાં એક ચોંકાવનારી ઘટના બની હતી, જેમાં બાબા ઓન-કેમેરા યુ-ટ્યુબરને થપ્પડ મારી દીધી હતી. એટલે સુધી કે તેનું માઈક ખેંચીને માર્યો હતો.સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં એક યુટ્યુબર બાબાના ટેન્ટની બહાર કેમેરામાં કંઈક કહે છે ત્યારે બાબાએ તેને થપ્પડ મારી દીધી હતી.. યુટ્યુબર કેમેરા પર કહે છે કે બાબા લોકો આ મેળામાં ખૂબ ગુસ્સામાં દેખાય છે. એના બોલવાની જ વાર હતી ત્યાં બાબા ગુસ્સામાં આવી જઈને થપ્પડ મારી દીધી હતી!, જે કેમેરામાં કેદ થાય છે. થપ્પડ માર્યા બાદ બાબા કહે છે કે આ સ્થાનિક લોકોએ અમને ખૂબ પરેશાન કર્યા છે. એક યુટ્યુબર મોટી મીડિયા ચેનલો સામે બાબાની નારાજગીનું રિપોર્ટિંગ કરવા માટે સંપર્ક કરે છે, પરંતુ બાબા બદલામાં તેને પકડીને તેની ધોલધપાટ કરી નાખી હતી.એક થપ્પડથી યુટ્યુબરને જાણે સંતોષ થયો નહોતો અને થપ્પડ ખાધા પછી પણ તેને ત્યાં ઊભો રહીને રિપોર્ટિંગ કરવાનું ચાલુ રાખ્યું હતું. એના પછી બાબા ખૂબ ગુસ્સે થઈને બાબાએ યુટ્યુબરનું માઈક છીનવીને ફેંકી દેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, એમ કરવામાં બાબા નિષ્ફળ રહ્યા હતા, ત્યાર બાદ બાબા અને યુટ્યુબર વચ્ચે ધક્કામુક્કી અને ઝપાઝપી થઈ હતી.જોકે, આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવી રહ્યો છે, જેને અત્યાર સુધીમાં લાખો લોકો જોઈ ચૂક્યા છે.

મસ્ક ઇન્ડિયન ગ્લોબલ આઉટરીચ ગ્રુપને મળ્યાં

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

અમેરિકામાં નવનિર્વાચિત પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના સલાહકાર અને વિશ્વના સૌથી ધનિક ઈલોન મસ્ક શુક્રવારે ટેક્સાસમાં સ્પેસએક્સના સ્ટારબેઝ સેન્ટર ખાતે ઈન્ડિયન ગ્લોબલ આઉટરીચ ગ્રુપના પ્રતિનિમંડળને મળ્યાં હતાં. આ ગ્રુપમાં ભારતીય ઉદ્યોગપતિઓ, લેખકો અને બિઝનેસ લીડર્સનો સમાવેશ થાય છે. મસ્કે ગ્રુપના સભ્યો સાથે ગ્રૂપ ફોટો પડાવ્યો હતો અને એક કલાક સુધી વાતચીત કરી હતી. આ પ્રતિનિધિમંડળ સાથે મસ્કે ઉત્સાહપૂર્વક અને અર્થપૂર્ણ વાતચીત કરી હતી. આ મુલાકાતનું વિશેષ મહત્ત્વ છે કે કારણ કે અમેરિકામાં ટ્રમ્પ ચૂંટાઈ આવ્યા પછી મસ્ક એક મહત્ત્વના વ્યક્તિ બન્યાં છે. ટ્રમ્પ સરકારનની વિદેશ સહિતની નીતિઓમાં મસ્કનો પ્રભાવ રહેવાની ધારણા છે. મસ્ક સાથેની મુલાકાત પછી આ ગ્રુપના સ્થાપક મનોજ લાડવાએ ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે વિશ્વની સૌથી શક્તિશાળી દેશમાં ટ્રમ્પ પ્રેસિડન્ટ બની રહ્યાં છે ત્યારે આ પડકારજનક સમયમાં અર્થપૂર્ણ સંવાદ પહેલા કરતા વધુ મહત્વપૂર્ણ છે. ઈલોન મસ્ક સાથેની વાતચીતનું નેતૃત્વ કરીને આનંદ થયો કે જેમનું ગ્રાઉન્ડબ્રેકિંગ કાર્ય આપણા સામૂહિક ભવિષ્યને આકાર આપી રહ્યું છે. તેઓ માને છે કે ભારત-યુએસ સંબંધો "સકારાત્મક વલણમાં" છે અને તેઓ બંને રાષ્ટ્રો વચ્ચે વેપાર ક્ષેત્રે વધુ ભાગીદારીની તરફેણ કરે છે. મસ્કે બન્ને દેશો વચ્ચે ખાસ કરીને ટેક્નોલોજી અને અવકાશ સંશોધન ક્ષેત્રોમાં ઊંડા સહયોગની સંભાવના પર ભાર મૂક્યો હતો.જાણીતા લેખક અમીશ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે ઈલોન મસ્ક સાથે વિતાવેલો કલાક ખૂબ જ ઉત્સાહપૂર્વક હતો.

૩૬ કલાકમાં પાંચ લોકોના મોતથી અરાજકતાનો માહોલ

મૃતકોના પરિવારજનોએ એવી આશંકા વ્યક્ત કરી છે કે ઝેરી દારૂ પીવાથી તેમનું મૃત્યુ થયું હશે

। (એજન્સી) બિહાર, તા.૨૦ ।

બેત્તિયામાં ૩૬ કલાકમાં શંકાસ્પદ પરિસ્થિતિમાં પાંચ લોકોના મોત થયા. મૃતકોના પરિવારજનોએ એવી આશંકા વ્યક્ત કરી છે કે ઝેરી દારૂ પીવાથી તેમનું મૃત્યુ થયું હશે. પરિસ્થિતિ જોઈને પોલીસ-પ્રશાસનના અધિકારીઓ અને ડોક્ટરો ગામમાં પહોંચ્યા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો. બેતિયામાં ૩૬ કલાકમાં શંકાસ્પદ સંજોગોમાં પાંચ લોકોના મોત થયા છે. તે જ સમયે, પરિવારના સભ્યો કહી રહ્યા છે કે મૃત્યુ ઝેરી દારૂ અને ગાંજા પીવાથી થયું છે. આ ઘટના જિલ્લાના લૌરિયા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના મઠિયા ગામમાં બની હતી. મૃતકોમાં માળિયા ગામના રહેવાસી ઉમેશ ચૌધરીનો પુત્ર મનીષ ચૌધરી (૨૨) અને સ્વર્ગસ્થ કપિલ ચૌધરીના પુત્ર સુરેશ ચૌધરી (૪૨)નો સમાવેશ થાય છે. આ બંને કાકા-ભત્રીજા હોવાનું કહેવાય છે, જેમનું શનિવારે અવસાન થયું હતું. બીજી તરફ, મીરુલ આલમના પુત્ર નય્યાઝ અહેમદ (૨૫) અને મોતીરામના પુત્ર શિવરામ (૬૦)નું પણ મૃત્યુ થયું. શુક્રવારે અગાઉ રામેશ્વર ગુમાના પુત્ર પ્રદીપ ગુમા (૩૫)નું અવસાન થયું હતું.રવિવારે, બીડીઓ સંજીવ કુમાર, નરકટિયાગંજ પોલીસ ઈન્સ્પેક્ટર રમણ સિંહ, પોલીસ સ્ટેશનના વડા રમેશ કુમાર શર્મા અને સિવિલ સર્જન ડૉ. મુર્તુજા અંસારી સહિત અન્ય અધિકારીઓએ મઠિયા ગામની મુલાકાત લીધી હતી. ગામલોકો અને મૃતકોના સંબંધીઓના મતે મૃત્યુ પાછળ અલગ અલગ કારણો આપવામાં આવી રહ્યા છે. પરિવારના કેટલાક સભ્યોએ મૃત્યુનું કારણ વધુ પડતું દારૂ અને ગાંજાનું સેવન ગણાવ્યું છે. કેટલાક મૃતકોના પરિવારજનોએ અસ્થમા, લકવો અને શરદીના કારણે મૃત્યુ થયાની શક્યતા વ્યક્ત કરી છે. ભૂખમરો અને ઠંડા ઝાડા જેવા ચેપી રોગો પણ મૃત્યુનું કારણ હોવાનું કહેવાય છે.જોકે, અધિકારીઓ પહોંચે તે પહેલાં જ મૃતકના સંબંધીઓએ તેમના અંતિમ સંસ્કાર કરી દીધા હતા. ડૉક્ટર ઘરે ઘરે ગયા અને મૃત્યુના કારણોની તપાસ કરી. ડૉ. મુર્તુજા અન્સારીએ જણાવ્યું હતું કે કેટલાક મૃત્યુ વધુ પડતા દારૂ અને ગાંજાના સેવનને કારણે થયા હતા. કેટલાક લોકો ભૂખ્યા હતા, જેના કારણે તેઓ ઠંડી અને નબળાઈને કારણે મૃત્યુ પામ્યા.દરમિયાન, એસડીએમ સૂર્યપ્રકાશ ગુમાએ જણાવ્યું હતું કે એક અઠવાડિયામાં ગામમાં સાત મૃત્યુ થયા છે. આમાંથી, એક માર્ગ અકસ્માતને કારણે, બે બીમારી (અસ્થમા અને લકવો), ત્રણ ઠંડા ઝાડાને કારણે અને એક દારૂના કારણે નોંધાયું હતું. વહીવટીતંત્રે ગ્રામજનોને સતર્ક રહેવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ કે રોગની તાત્કાલિક જાણ કરવા અપીલ કરી છે. ગેરકાયદેસર દારૂ અને ડ્રગ્સ સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી પણ આપી. નોંધનીય છે કે ૧૬ જુલાઈ, ૨૦૨૧ ના રોજ, લૌરિયાના દેવરાજમાં ઝેરી દારૂ પીવાથી ડઝનબંધ લોકોના મોત થયા હતા.

અધિકારીઓએ કહ્યું 'ટિકટોક રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે'

હવે અમેરિકામાં પણ TikTok સત્તાવાર રીતે બંધ કરાયું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

અમેરિકામાં ટિકટોકએ કામ કરવાનું બંધ કરી દીધું છે. આનો અર્થ એ થયો કે અમેરિકામાં લોકો હવે આ લોકપ્રિય શોર્ટ-વીડિયો પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકશે નહીં. મહિનાઓની કાનૂની લડાઈ પછી શુક્રવારે અમેરિકાની સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓનો હવાલો આપીને ટિકટોક પર પ્રતિબંધ મૂકવાના કાયદાને મંજૂરી આપી હતી.ટિકટોકને એપ સ્ટોર અને ગૂગલ પ્લે સ્ટોરથી હટાવવામાં આવી છે અને ટિકટોકની અમેરિકન વેબસાઈટ પર વીડિયો નથી ચાલી રહ્યા. આ કાયદા પર ગત વર્ષે રાષ્ટ્રપતિ જો બાઈડને હસ્તાક્ષર કર્યા હતા.અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ટિકટોકને અમેરિકામાં થોડા સમય માટે શરૂ રાખવાના પક્ષમાં છે. ટ્રમ્પે ૨૨ ડિસેમ્બરે એરિજોના સ્ટેટની રાજધાની ફીનિક્સમાં આ વાત પર ભાર અપાયો હતો અને કહ્યું હતું કે રાષ્ટ્રપતિ ચૂંટણી દરમિયાન ટિકટોક પર તેમના વીડિયોને અરબો વ્યૂ મળે છે.અહેવાલો અનુસાર, અમેરિકામાં ટિકટોક યુઝર્સ જ્યારે એપ ખોલે છે ત્યારે એક મેસેજ આવે છે. જેમાં લખ્યું છે કે, 'અમેરિકામાં ટિકટોક પર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર કરવામાં આવ્યો છે. કમનસીબે, આનો અર્થ એ છે કે તમે હાલમાં ટિકટોકનો ઉપયોગ કરી શકતા નથી. અમે ભાગ્યશાળી છીએ કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે તેઓ પદ સંભાળ્યા પછી ટિકટોક ફરીથી શરૂ કરશે. કૃપા કરીને અમારી સાથે જોડાયેલા રહો.'અહેવાલો અનુસાર, અમેરિકાના અધિકારીઓએ ટિકટોક પર ચિંતા વ્યક્ત કરી છે, તેમણે દાવો કર્યો છે કે, ટિકટોક રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે. ચીની સરકાર આ એપનો ઉપયોગ અમેરિકનોની જાસૂસી કરવા અથવા કઈ સામગ્રી બતાવવામાં આવે છે અથવા છુપાવવામાં આવે છે તેને નિયંત્રિત કરીને ગુપ્ત રીતે જાહેર અભિપ્રાયને પ્રભાવિત કરવા માટે કરી શકે છે.આ ચિંતા ચીનના રાષ્ટ્રીય સુરક્ષા કાયદાઓથી ઉદ્ભવી છે, જે કંપનીઓને ગુપ્તચર પ્રવૃત્તિઓમાં મદદ કરવાની જરૂર છે. FBIના ડિરેક્ટર ક્રિસ્ટોફર રેએ જણાવ્યું હતું કે ચીની સરકાર ટિકટોકના સોફ્ટવેર દ્વારા અમેરિકનોના ઉપકરણોને ઍક્સેસ કરી શકે છે.

Electoral Bonds પર પ્રતિબંધ પછી

ફંડ મેળવવા રાજકીય પક્ષોએ નવો રસ્તો અપાનાવ્યો?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ગયા વર્ષે ચૂંટણીના બોન્ડ્સ (ઈલેક્ટોરોલ બોન્ડ)ને રદ કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ જો લોકો એમ માનતા હોય કે રાજકીય પક્ષોને મળતું ડોનેશન્સ હવે બંધ થઈ ગયું છે તો એમ માનવામાં તમારી ભૂલ છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ રાજકીય પક્ષોને મળતું દાન બંધ નથી થયું, પરંતુ હવે તેનો વિકલ્પ બદલવામાં આવ્યો છે. પહેલા સીધી રીતે કાન પકડવામાં આવતો હતો હવે ઊંધી રીતે કાન પકડવામાં આવે છે. રાજકીય પક્ષોએ ફંડ મેળવવા માટે ઈલેક્ટ્રોરલ બોન્ડ નહીં તો ટ્રસ્ટ મારફત ભંડોળ મેળવી રહ્યા છે.મળતા રિપોર્ટ અનુસાર ચૂંટણી બોન્ડ પર પ્રતિબંધ બાદ હવે રાજકીય પક્ષો કઈ રીતે ડોનેશન મેળવે છે એ જાણીએ. રાજકીય પક્ષો હવે અલગ અલગ રીતે ડોનેશન મેળવી રહ્યા છે. ચૂંટણીના બોન્ડ પર પ્રતિબંધ લાગ્યા બાદ રાજકીય પક્ષોને ડોનેશન આપવાનું કામ ઈલેક્ટોરલ ટ્રસ્ટમાં શિફ્ટ થઈ ગયું છે, જેમાં સૌથી વધુ ડોનેશન પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટને કોર્પોરેટ માધ્યમથી મળ્યું છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટને કુલ દાનના લગભગ ત્રણ-ચતુર્થાંશ જેટલું બમ્પર ડોનેશન મળ્યું છે. આ ટ્રસ્ટને કુલ રૂ. ૧,૦૭૫ કરોડનું દાન મળ્યું છે, જેમાંથી ૭૯૭.૧ કરોડ રૂપિયા તો કોર્ટના ચૂંટણીના બોન્ડ પર પ્રતિબંધ પછી એટલે કે ૧૬ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ, ૨૦૨૪ દરમિયાન મળ્યા છે.

આજના સમયમાં દરેકને ફેમસ થવાની ઘેલછા

રીલ બનાવતાં બનાવતાં કિશોર અચાનક રેલવે ટ્રેક પર સૂઈ ગયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

આજકાલ જેને જુઓ એને સોશિયલ મીડિયા પર રીલ્સ પોસ્ટ કરીને વાઈરલ તેમ જ ફેમસ થવું છે. ફેમસ થવાની આ ઘેલછામાં ઘણી વખત તો લોકો પોતાની જાનની પરવાહ પણ નથી કરતાં. આજે અમે અહીં તમારા માટે આવી જ એક વાઈરલ રીલની વાત લઈને આવ્યા છીએ. રીલ્સ પર વ્યુ અને લાઈક મેળવવા માટે ૧૫ વર્ષના કિશોરે એટલું જીવલેણ પગલું ભર્યું હતું કે કોઈ એને કોપી કરવાનું તો દૂર પણ એના વિશે સપનામાં પણ નહીં વિચારે. આ વીડિયો વાઈરલ થતાં જ નેટિઝન્સ આવા ગાંડપણ માટે કિશોર સામે કાયદેસર કાર્યવાહી કરવાની માંગણી કરી રહ્યા છે.સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયો જોઈને તમારા હાથ -પગ પણ પાણી પાણી થઈ શકે છે. ૧૫ વર્ષનો આ કિશોર રેલવે ટ્રેક પાસે ઊભો છે અને અચાનક જ તે રેલવે ટ્રેકની વચ્ચે જઈને સૂઈ જાય છે. અહીંયા સુધી તમને બધું નોર્મલ લાગશે. પણ હવે કહાની ટ્વીસ્ટ આવે છે. જેવો કિશોર ટ્રેકમાં સૂઈ જાય છે અને અચાનક એક ટ્રેન ફૂલ સ્પીડમાં તેની ઉપરથી પસાર થઈ જાય છે. ટ્રેન પસાર થાય ત્યાં સુધી કિશોર ટ્રેક જ શાંતિથી સૂઈ રહે છે અને એનો પાર્ટનર આ આખી ઘટના કેમેરામાં કેદ કરે છે.આ વીડિયો જેવો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો કે લોકોની વચ્ચે સનસની ફેલાઈ ગઈ.

દિલ્હી કેન્ટ ખાતે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહએ NCC પ્રજાસત્તાક દિવસ શિબિરની મુલાકાત લીધી.

શપથગ્રહણ પહેલા ડોનાલ્ડ ટ્રમ્પની મોટી જાહેરાત

'હું યુક્રેન યુદ્ધનો અંત લાવીશ, ત્રીજું વિશ્વયુદ્ધ થતું અટકાવીશ'

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લેતા પહેલા ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટી જાહેરાત કરી છે. "હું યુક્રેનમાં યુદ્ધનો અંત લાવીશ," તેમણે કહ્યું. હું મધ્ય પૂર્વમાં અરાજકતા બંધ કરીશ અને ત્રીજા વિશ્વયુદ્ધને અટકાવીશ. તમને ખ્યાલ નથી કે આપણે યુદ્ધની કેટલા નજીક છીએ.ટ્રમ્પે કહ્યું કે અમે ઝડપથી અમારા સાર્વભૌમ પ્રદેશ અને સરહદો પર નિયંત્રણ ફરીથી સ્થાપિત કરીશું. અમે દરેક ગેરકાયદેસર એલિયન ગેંગ સભ્ય અને ઈમિગ્રન્ટ ગુનેગારને અમેરિકન ભૂમિ પરથી હાંકી કાઢીશું. આ પહેલા, કોઈ ખુલ્લી સરહદો, જેલ, માનસિક સંસ્થાઓ, મહિલાઓની રમતો રમતા પુરુષો અને ટ્રાન્સજેન્ડરોનો સવિષે કોઈએ વિચાર પણ નથી કર્યો. ખૂબ જ ટૂંક સમયમાં આપણે અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટી દેશનિકાલ કવાયત શરૂ કરીશું.ટ્રમ્પે કહ્યું કે અમે એલોન મસ્કના અધ્યક્ષપદ હેઠળ સરકારી કાર્યક્ષમતાનો એક નવો વિભાગ બનાવીશું. એલોન મસ્ક કહે છે કે અમે ઘણા ફેરફારો કરવાની આશા રાખીએ છીએ. આ વિજય શરૂઆત છે. આગળ શું મહત્ત્વનું છે તે આગળનો હેતુ છે, આગળનો ધ્યેય નોંધપાત્ર ફેરફારો કરવાનો અને આવનારી સદીઓ સુધી અમેરિકાને મજબૂત બનાવવાનો પાયો નાખવાનો છે.

તંત્રી લેખ...

ગ્લોબલ વોર્મિંગઃ એક અનિવાર્ય પડકાર

ગુજરાત એટીએસનો સપાટા, અમદાવાદમાંથી ૨૭ લાખનું ડ્રગ્સ ઝડપી લેવામાં આવ્યું

। (માહિતી)અમદાવાદ, તા. ૨૦ ।

ગુજરાત એટીએસની ટીમ દ્વારા અમદાવાદ શહેરના લાલ દરવાજા વિસ્તારમાંથી ડ્રગ્સ ઝડપી લેવામાં આવ્યું છે. એટીએસે રૂ.૨૭ લાખના એમડી ડ્રગ્સ સાથે ફરજાન શેખની ધરપકડ કરી છે. ઝડપાયેલો શખસ ડ્રગ પેડલર છે. અગાઉ પણ તે ડ્રગ્સની હેરાફેરી કરતા ઝડપાયો છે. આ અંગે એટીએસની ટીમે વધુ તપાસ શરૂ કરી છે.

જાણવા મળ્યા અનુસાર ગુજરાત એટીએસનો સ્ટાફ અમદાવાદમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ ડામવા પેટ્રોલીંગમાં હોય ત્યારે બાતમી મળી હતી કે લાલ દરવાજા વિસ્તારમાં એક આરોપી ડ્રગ્સ લઈને આવે છે ત્યારે તેને રોકીને તપાસ કરતા તેની પાસેથી ડ્રગ્સ મળી આવ્યું હતુ જેની કિંમત ૨૭ લાખ રૂપિયા છે. એટીએસ દ્વારા આરોપી ફરજાન શેખની ધરપકડ કરવામાં આવી છે અને ડ્રગ્સ કયાંથી લાવ્યો અને કોને આપવાનો હતો તે દિશામાં તપાસ હાથધરી છે. આરોપીને લઈ પોલીસે તેના મોબાઈલ ફોનનો ડેટા પણ લીધો છે અને અગાઉ કયાં ડ્રગ્સ આપ્યું અને કોની પાસેથી લાવ્યો તેને લઈ ટેકનિકલી તપાસ હાથધરી છે. એટીએસ દ્વારા આરોપી ફરજાન શેખની ધરપકડ કરવામાં આવી છે અને ડ્રગ્સ કયાંથી લાવ્યો અને કોને આપવાનો હતો તે દિશામાં તપાસ હાથધરી છે. આરોપીને લઈ પોલીસે તેના મોબાઈલ ફોનનો ડેટા પણ લીધો છે અને અગાઉ કયાં ડ્રગ્સ આપ્યું અને કોની પાસેથી લાવ્યો તેને લઈ ટેકનિકલી તપાસ હાથધરી છે. આરોપી અગાઉ ૨૦ કિલો ચરસ સાથે ઝડપાયો હતો એટલે આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તે ડ્રગ્સ અને ચરસના ધંધા સાથે સંકળાયેલો છે. પોલીસે અન્ય સંડોવાયેલ આરોપીઓની તપાસ શરૂ કરી છે. આરોપી અગાઉ ૨૦ કિલો ચરસ સાથે ઝડપાયો હતો એટલે આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તે ડ્રગ્સ અને ચરસના ધંધા સાથે સંકળાયેલો છે.

આજનું રાશિ ભવિષ્ય.....

મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો. તમારા દ્વારા એકલપંડે લેવાયેલો નિર્ણય કોઈક સમસ્યા ઊભી કરી શકે છે.

વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

કર્ક (ડ,હ) :

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દેઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

સિંહ (મ,ટ) :

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે.

કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. તમે જે હંમેશાં કરવા માગતા હતા.

તુલા (ર,ત) :

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે.

વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

મકર (ખ,જ) :

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા.

કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં.

મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. તમને લાભ થવાની શક્યતા છે.

નીરજ ચોપડાએ દુલ્હન સાથે શેર કર્યો ફોટો

ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરાની દુલ્હન બની હિમાની

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતના સ્ટાર એથલિટ નીરજ ચોપરાને કોઈ પરિચયની જરૂર નથી. તેઓએ જેવલિન થ્રોમાં ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ, તો ૨૦૨૪માં પેરિસ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ લાવી દેશનું નામ દુનિયાભરમાં રોશન કર્યુ છે. પોતાના જેવલિન થ્રોથી દેશમાં અલગ ઓળખ બનાવ્યા બાદ નીરજના ફેન ફોલોઈંગમાં વધારો થઈ ગયો હતો, જેના કારણે તેઓ ઘણીવાર ચર્ચામાં પણ રહે છે. હવે પોતાના લગ્નને લઈ તેઓ લાઈમલાઈટમાં આવી ગયા છે.

હકીકતમાં, નીરજે તેના પરિવાર અને અંગત મિત્રોની હાજરીમાં હિમાની સાથે લગ્ન કરી લીધા છે. તેઓએ ઈન્સ્ટાગ્રામ પર ફોટો શેર કર્યા છે. જેમાં નીરજ દુલ્હનિયાની સાથે મંડપમાં ખૂબ જ સુંદર લાગી રહ્યા છે.

નીરજ અને હિમાનીએ પોતાની પ્રાઈવેટ વેડિંગ સેરેમની માટે પેસ્ટલ આઉટફિટ્સ પસંદ કર્યા હતા. જ્યાં દુલ્હનિયા હિમાની મોર એક ફોર્મર ટેનિસ પ્લેયર રહી ચૂકી છે તે ગુલાબી લહેંગામાં સુંદર લાગી રહી હતી. જ્યારે મેચિંગ શેરવાનીમાં નીરજનો અંદાજ પણ શાનદાર છે. તેણે આ સાથે વ્હાઈટ પાયજામો પહેર્યો હતો અને એમ્બ્રોયડરી શૉલને પ્લીટ્સ બનાવીને શોલ્ડર પર ટકઈન કરીને એક હાથ પર કૅરી કરી હતી. જ્યારે ગુલાબી પાઘડી સાથે લૂકને કમ્પલિટ કર્યો છે.

નીરજની દુલ્હન હિમાનીએ રંગબેરંગી સ્ટાર્સ અને એમ્બ્રોયડરીથી સજેલા ગુલાબી લહેંગા પહેર્યો હતો, જેના પર ફૂલોની વેલવાળી ડિઝાઈન સુંદર લાગી રહી હતી. જેને મોટિફસથી શાનદાર રીતે સજાવવામાં આવી હતી. જેના કારણે લહેંગાને હેવી લૂક મળ્યો અને મેચિંગ હાફ સ્લિવ્સ બ્લાઉઝની સાથે પૅર કરી શાહી રાજકુમારી અંદાજ દર્શાવ્યો હતો.

હિમાનીએ પોતાના લૂકને માથા પર નેટનો દુપટ્ટો ઓઢી કમ્પલિટ કર્યો છે, જેમાં બૂટ્ટીવાળા વર્કની સાથે લાઈટ વેટ બનાવવામાં આવ્યો છે. તો પહેલાં બોર્ડરને હેવી રાખવામાં આવ્યો છે. બોર્ડર પર મોતીવાળી લેસથી તેને સ્ટનિંગ બનાવી દીધો હતો. હિમાનીએ બ્રાઈડલ લૂકને ગુલાબી ચૂડા સાથે સ્ટાઈલ કર્યો છે. જેની સાથે તેણે ગોલ્ડન અને લાલ રંગના કંગન પહેર્યા હતા. મહેંદીવાળા હાથમાં પોતાની એન્ગેજમેન્ટ રિંગને ફ્લોન્ટ કરતા હિમાનીએ કુંદનની મોટી નથ પહેરી હતી.

મોટી નથ પહેરી હતી. આ સિવાય કુંદન અને સ્ટોનવાળો હેવી નેકપીસ, માંગટીકા અને માથા પટ્ટી લગાવીને લાલ બિંદી અને સટલ મેકઅપથી પોતાના લૂકને કમ્પલિટ કર્યો છે. હિમાનીએ પોતાના લૂકને માથા પર નેટનો દુપટ્ટો ઓઢી કમ્પલિટ કર્યો છે, જેમાં બૂટ્ટીવાળા વર્કની સાથે લાઈટ વેટ બનાવવામાં આવ્યો છે. તો પહેલાં બોર્ડરને હેવી રાખવામાં આવ્યો છે. બોર્ડર પર મોતીવાળી લેસથી તેને સ્ટનિંગ બનાવી દીધો હતો. હિમાનીએ બ્રાઈડલ લૂકને ગુલાબી ચૂડા સાથે સ્ટાઈલ કર્યો છે. જેની સાથે તેણે ગોલ્ડન અને લાલ રંગના કંગન પહેર્યા હતા. મહેંદીવાળા હાથમાં પોતાની એન્ગેજમેન્ટ રિંગને ફ્લોન્ટ કરતા હિમાનીએ કુંદનની મોટી નથ પહેરી હતી.

ન્યૂઝ બ્રિફ

ફિફા-૨૦૩૦ની તૈયારી રૂપે મોરક્કોમાં શ્વાનોની હત્યાથી વિશ્વભરમાં આક્રોશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

મોરક્કોની ૨૦૩૦ ફિફા વિશ્વ કપના સહઆયોજનની તૈયારી દરમ્યાન રખડતા શ્વાનોની ક્રૂર હત્યાથી સમગ્ર વિશ્વમાં આક્રોશ ફેલાયો છે. પર્યાવરણવાદી જેન ગૂડોલ અને ઈન્ટરનેશનલ એનિમલ વેલફેર પ્રોટેક્શન કોઓલેશન (આઈએડબ્લ્યુપીસી) જેવી સંસ્થાઓએ ત્રીસ લાખથી વધુ રખડતા શ્વાનોની સામૂહિક કત્લેઆમની ટીકા કરી છે. આ પ્રવૃત્તિ ઓગસ્ટ ૨૦૨૪માં સમાપ્ત થઈ હોવાના મોરક્કોના દાવા છતાં આઈએડબ્લ્યુપીસીએ કત્લેઆમ હજી ચાલુ હોવાનો ભારપૂર્વક દાવો કર્યો છે.

અહેવાલમાં શ્વાનોની નિર્દયી રીતે કત્લ કરવા અગાઉ તેમને સ્ટ્રાઈકનિનથી ઝેર આપવું, ગોળી મારવી અને પીડાદાયક ઉપકરણોથી પકડવા સહિતની વિચલિત કરતી પદ્ધતિઓ વિશે જાણકારી આપવામાં આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં શ્વાનો લોહીના ખોબોચિયામાં પડેલા, પીડાથી કણસી રહ્યા હોવાના તેમજ ઝેરથી તરફડી રહ્યા હોવાના પીડાદાયક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ઓળખની ટેગ સાથે પાળેલા અને વેક્સિન આપવામાં આવેલા શ્વાનોને પણ આડેધડ મારવામાં આવી રહ્યા છે. ગૂડોલે ફિફાને દખલગીરી કરવાની વિનંતી કરીને સંભવિત બહિષ્કાર તેમજ તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચવાની ચેતવણી આપી છે. ગૂડોલે શ્વાનોની હત્યા અટકે નહિ તો મોરોક્કોના આયોજનના અધિકારો છીનવી લેવાની હાકલ કરી છે.

RBIની નવી ગાઈડલાઈન, કરોડો યૂઝર્સને ફ્રોડથી રાહત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

RBI એટલે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ઓનલાઈન છેતરપિંડી અને સાઈબર ગુનાઓને રોકવા માટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે, જેથી લોકો ફેક નંબરો પરથી આવતા કોલને ઓળખી શકે. રિઝર્વ બેંકે માર્કેટિંગ અને બેંકિંગ માટે બે નવી શ્રેણીના કોલની જાહેરાત કરી છે. આ બે નંબરો પરથી જ મોબાઈલ નંબર પર માર્કેટિંગ અને બેંકિંગ કોલ આવશે. આ બે સીરીઝ સિવાય અન્ય કોઈપણ નંબર પરથી આવતા કોલ ફેક હશે. RBI એ તેની માર્ગદર્શિકામાં કહ્યું છે કે બેંકોએ ગ્રાહકોને ટ્રાન્ઝેક્શન સંબંધિત કોલ કરવા માટે ફક્ત ૧૬૦૦ થી શરૂ થતી શ્રેણીનો ઉપયોગ કરવો પડશે. બેંકો ગ્રાહકોને કૉલ કરવા માટે આ શ્રેણી સિવાયની કોઈપણ નંબર શ્રેણીનો ઉપયોગ કરી શકશે નહીં. આ સિવાય હોમ લોન, પર્સનલ લોન, કાર લોન, ક્રેડિટ કાર્ડ, ઈન્શ્યોરન્સ, ટર્મ ડિપોઝિટ જેવી સેવાઓ માટે બેંક દ્વારા પ્રમોશનલ કોલ કરવામાં આવે છે. બેંકો આ સેવાઓ માટે ગ્રાહકોને માત્ર ૧૪૦ થી શરૂ થતી સિરીઝમાં જ પ્રમોશનલ કોલ કરી શકે છે. આ માટે, બેંકો અને સેવાઓનો પ્રચાર કરતી કંપનીઓએ ટેલિકોમ ઓપરેટરો સાથે વ્હાઈટલિસ્ટમાં પોતાને રજીસ્ટર કરાવવું પડશે.

દિગ્ગજે કહ્યું - પ્લેઈંગ-૧૧નો કોયડો ગુંચવાશે

ગિલને વાઈસ કેપ્ટન બનાવી ટીમ ઈન્ડિયા સામે ધર્મસંકટ!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

૧૯ ફેબ્રુઆરીથી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ શરૂ થવા જઈ રહી છે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એટલે કે BCCIએ પણ આ ICC ઈવેન્ટ માટે ભારતીય ટીમની જાહેરાત કરી છે. બોર્ડે શુભમન ગિલને રોહિત શર્માના ડેપ્યુટી એટલે કે ટીમના વાઈસ કેપ્ટન તરીકે પસંદ કર્યા છે, જે ભવિષ્યમાં ટીમની કમાન પણ સંભાળી શકે છે. જોકે, ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ક્રિકેટર અને વર્તમાન એક્સપર્ટ હરભજન સિંહનું માનવું છે કે ગિલને વાઈસ કેપ્ટન બનાવીને ટીમ ઈન્ડિયાએ પ્લેઈંગ ઈલેવનને જટિલ બનાવી દીધી છે. ભજ્જી કોઈપણ ભોગે યશસ્વી જયસ્વાલને ટીમમાં ઈચ્છતો હતો, પરંતુ ગિલ વાઈસ કેપ્ટન બન્યા બાદ તેના માટે રમવું મુશ્કેલ થઈ ગયું છે. હરભજન સિંહે પોતાની યુટ્યુબ ચેનલ પર કહ્યું, 'સમસ્યા એ ઉભી થઈ છે કે હવે યશસ્વી જયસ્વાલને

પ્લેઈંગ ૧૧માં સામેલ કરવું મુશ્કેલ બનશે, કારણ કે શુભમન ગિલ તમારો વાઈસ કેપ્ટન છે. જો ગિલ વાઈસ-કેપ્ટન છે તો તે ઓપનિંગ કરશે. હવે એવું ન કહી શકાય કે જો યશસ્વી ટોપ રમશે તો ગિલ ત્રીજા નંબરે રમશે, જો ગિલ ત્રીજા નંબરે રમશે તો વિરાટ કોહલી ચોથા નંબરે આવશે. તો શ્રેયસ અય્યર ક્યાં રમશે? આ ક્રમે ગાડી તેના પાટેથી ઉતારી દીધી છે. મને લાગે છે કે યશસ્વીને રમાડવો જોઈએ, કારણ કે જ્યારે વ્યક્તિ ફોર્મમાં હોય ત્યારે તેનો ઉપયોગ કરવો જોઈએ.' જ્યારે ભજ્જીને પૂછવામાં આવ્યું કે શું જયસ્વાલ શ્રેયસ અય્યરને હટાવીને સ્થાન મેળવી શકશે તો તેણે સ્પષ્ટ ના પાડી દીધી. હરભજન સિંહે અય્યરને મિડલ ઓર્ડરનો સર્વશ્રેષ્ઠ ખેલાડી ગણાવ્યો અને કહ્યું કે તેને બહાર કરવો અશક્ય છે. શ્રેયસ અય્યરની એવરેજ ૪૭-૪૮ છે, તે વ્યક્તિ લાયક છેપ તેણે વર્લ્ડ કપમાં ૩૦૦ રન બનાવ્યા હતા. હવે તમે કહો છો કે તેને ટીમમાં લાવો પરંતુ તેને રમવા ન દો. મિડલ ઓર્ડરમાં કદાચ તેના કરતા સારો કોઈ ખેલાડી નહીં હોય જે ગેમ કેવી રીતે બનાવવી તે જાણતો હોય. હું માનું છું કે યશસ્વી જયસ્વાલે રમવું જોઈએ, હવે તે કેવી રીતે રમવું તેની મૂંઝવણ તેઓએ ખુદ ઉભી કરી છે.' ભૂતપૂર્વ ભારતીય સ્પિનરનું માનવું છે કે આ ટૂર્નામેન્ટ પછી ગિલને વાઈસ કેપ્ટન બનાવવામાં આવી શક્યો હોત.

હું અત્યંત નિરાશ છું, રિટેન્શન માટે પ્રયાસ ન કરાયો

KKRથી અલગ થયા બાદ શ્રેયસ અય્યરનું દર્દ છલકાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

શ્રેયસ અય્યર IPL ૨૦૨૫માં પંજાબ કિંગ્સની કેપ્ટનશીપ કરશે. કોલકાતા નાઈટ રાઈડર્સને આઈપીએલ ૨૦૨૪નો ખિતાબ અપાવનાર અય્યરને લઈને એવી અફવા હતી કે, નાઈટ રાઈડર્સ તેને રિટેન કરશે, પરંતુ તેની સાથે પણ એવું જ થયું જેવું ૨૦૨૧માં ઈયોન મોર્ગન સાથે થયું હતું. ફ્રેન્ચાઈઝીએ તેને ગત નવેમ્બરમાં મેગા ઓક્શન પહેલા રિલીઝ કરી દીધો હતો. ત્યારબાદ ઓક્શનમાં પંજાબ કિંગ્સે અય્યને ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તે IPLના ઈતિહાસમાં ઋષભ પંત પછી બીજો સૌથી મોંઘો ખેલાડી છે. હવે કોલકાતા નાઈટ રાઈડર્સથી અલગ થવા વિશે પહેલી વાર વાત કરતા અય્યરે જણાવ્યું કે, આ બધું વાતચીતના અભાવે થયું છે. ૨૦૨૧માં મોર્ગનની કેપ્ટનશીપમાં ફાઈનલમાં પહોંચ્યા બાદ KKR સતત બંને સિઝનમાં સાતમા સ્થાન પર રહી હતી. કમરની ઈજાને કારણે અય્યર IPL ૨૦૨૩ નહોતો રમી શક્યો. જોકે, તેના આગામી વર્ષે વાપસી કરીને તેણે મેન્ટર ગૌતમ ગંભીર સાથે મળીને ફ્રેન્ચાઈઝીમાં ઈતિહાસમાં પોતાનો ત્રીજો ખિતાબ અપાવ્યો હતો. ત્યારબાદ ગંભીરને ટીમ ઈન્ડિયાના હેડ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

અય્યરે સ્વીકાર્યું કે, મને વિશ્વાસ હતો કે, મને KKR રિટેન કરી લેશે, ખાસ કરીને ત્યારે જ્યારે ફ્રેન્ચાઈઝીએ સીઝન સમાપ્ત થયા પછી તરત જ રિટેન્શનની વાત કરી હતી. જોકે, ત્યારબાદ KKR દ્વારા કોઈ પ્રયાસો ન કરાતા હું હેરાન રહી ગયો હતો. અને પછી મેં અંતે અલગ થવાનો નિર્ણય લીધો. તેણે કહ્યું- ચોક્કસપણે ચેમ્પિયનશિપ જીત્યા પછી મેં KKRમાં શાનદાર સમય વિતાવ્યો. ફેન ફોલોઈંગ પણ શાનદાર હતી. તેઓ સ્ટેડિયમમાં જોશ ભરી રહ્યા હતા અને મેં ત્યાં વિતાવેલી દરેક ક્ષણનો આનંદ માણ્યો. IPL ચેમ્પિયનશિપ પછી તરત જ અમારી વચ્ચે વાતચીત થઈ હતી, પરંતુ થોડા મહિનાઓ સુધી કોઈ વાતચીત થઈ ન અને રિટેન્શન માટે પણ વધુ પ્રયાસો ન કરાયા. હું હેરાન હતો કે આ શું થઈ રહ્યું છે.

ભારતીય ઇક્વિટી ઇન્ડેક્સ નિફ્ટી આજે એટલે કે ૨૦ જાન્યુઆરીએ ૧૪૨ પોઇન્ટ વધીને બંધ થયો હતો

પાવર, ટેલિકોમ અને ફાઇનાન્શિયલ સેક્ટરના શેરમાં ઉછાળો જોવા મળ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

કારોબારી સપ્તાહના પહેલા દિવસે બજારમાં જોશ અને ઉત્સાહ જોવા મળ્યો. પાવર, ટેલિકોમ અને ફાઇનાન્શિયલ સેક્ટરના શેરમાં ઉછાળાને કારણે સેન્સેક્સ ૪૫૪ પોઈન્ટ વધીને બંધ થયો અને નિફ્ટી ૨૩,૩૦૦ની ઉપર બંધ થયો. ભારતીય ઈક્વિટી ઈન્ડેક્સ નિફ્ટી આજે એટલે કે ૨૦ જાન્યુઆરીએ ૧૪૨ પોઈન્ટ વધીને બંધ થયો હતો. અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે તેમની વાતચીત 'ખૂબ સારી' હતી. આ નિવેદનથી બંને દેશો વચ્ચેના વેપારને લઈને તણાવ ઓછો થવાનો સંકેત મળ્યો છે, જે બાદ આજે વૈશ્વિક શેરબજારોમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો. અમેરિકન શેરબજારો શુક્રવારે લીલા નિશાનમાં બંધ થયા હતા. તે જ સમયે, હેંગસેંગ અને નિક્કી ૨૨૫ જેવા એશિયન સૂચકાંકોમાં પણ વૃદ્ધિ જોવા મળી હતી. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજયકુમારે જણાવ્યું હતું કે, "ટેરિફ પર ટ્રમ્પના નરમ વલણથી શેરબજારના સેન્ટિમેન્ટમાં તેજી રહેવાની અપેક્ષા છે. શેરબજારમાં આજના ઉછાળાની આગેવાની બેંકિંગ શેરોએ કરી હતી. કોટક મહિન્દ્રા બેંકના શેરમાં સૌથી વધુ ૯%નો ઉછાળો આવ્યો હતો. કોટક બેંકના ડિસેમ્બર ક્વાર્ટરના મજબૂત પરિણામો બાદ આ વધારો થયો છે. બેંકે કહ્યું કે ડિસેમ્બર ક્વાર્ટરમાં તેનો ચોખ્ખો નફો ૧૦ ટકા વધીને ૪૭૦૧ કરોડ રૂપિયા થયો છે. બીજું, આજે ટ્રેડિંગ દરમિયાન નિફ્ટી બેંક ઈન્ડેક્સ ૨ ટકા સુધી ઉછળ્યો હતો. ઈન્ડેક્સમાં સમાવિષ્ટ ૧૨માંથી ૧૧ શેરો લીલા નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો ૧૪ પૈસા વધીને ૮૬.૪૬ ના સ્તર પર ખુલ્યો હતો. તે જ સમયે, વિશ્વની છ મુખ્ય કરન્સી સામે ડૉલરની મજબૂતાઈને માપતો ડૉલર ઈન્ડેક્સ ૦.૨૨ ટકા ઘટીને ૧૦૯.૧૦ થયો હતો.

કેરળમાં ૫૭ની ધરપકડ, દેશ બહાર રહેલા બે આરોપીઓ પોલીસની પકડથી દૂર

ઈન્સ્ટા પર મિત્રતા બાદ દુષ્કર્મનો સિલસિલો, પછી ડઝનેક લોકોએ લૂંટી લાજ

। (એજન્સી) થિરૂવનંતપૂરમ્, તા.૨૦ ।

કેરળમાં દેશનું માથું શરમથી ઝૂકાવી દે તેવી ઘટના સામે આવી હતી. કેરળના પથાનમથિટ્ટા જિલ્લામાં અલગ-અલગ જગ્યાએ દલિત સગીરાનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. હવે આ દલિત છોકરી પર થયેલા કથિત જાતીય શોષણના કેસમાં કુલ ૫૯ આરોપીઓમાંથી ૫૭ આરોપીઓની અત્યાર સુધીમાં ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસે રવિવારે આ માહિતી આપી હતી. દેશની બહાર રહેલા બે આરોપીઓ પોલીસની પકડથી દૂર છે. જિલ્લા પોલીસ પ્રમુખ વી.જી. વિનોદ કુમારે જણાવ્યું કે, આ સંદર્ભમાં પહેલો કેસ ૧૦ જાન્યુઆરીના રોજ

એલાવુમથિટ્ટા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો અને મોટા પાયે તપાસ કર્યા બાદ બે આરોપીઓને છોડીને નામાંકિત તમામ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. જે બે આરોપીઓની ધરપકડ નથી કરાઈ તેઓ હાલમાં દેશની બહાર છે. અધિકારીએ એક નિવેદનમા જણાવ્યું કે, ધરપકડ કરાયેલ છેલ્લો આરોપી ૨૫ વર્ષનો યુવાન હતો, જેની રવિવારે સવારે તેના ઘર નજીકથી ધરપકડ કરી લેવામાં આવી હતી. ભારતીય પોલીસ સેવાની મહિલા અધિકારી એસ. અજિતા બેગમના નેતૃત્વમાં એક વિશેષ તપાસ ટીમ જિલ્લા પોલીસ પ્રમુખની દેખરેખ હેઠળ આ કેસની તપાસ કરી રહી છે. અધિકારીએ વધુમાં જણાવ્યું કે, પીડિતાના નિવેદનના આધારે જિલ્લાના ચાર પોલીસ સ્ટેશનમાં કુલ ૩૦ કેસ નોંધવામાં આવ્યા છે. આરોપીઓમાં પાંચ સગીર પણ સામેલ છે. પોલીસ ટીમનો ઉદ્દેશ્ય તપાસ પૂર્ણ કરીને શક્ય તેટલી વહેલી તકે ચાર્જશીટ રજૂ કરવાનો છે.

બુમરાહ ઈંગ્લેન્ડ સામેની બે વન-ડે મેચ ગુમાવશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

ભારતના મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે શનિવારે મુંબઈમાં વાનખેડે ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, ટીમના પેસ બોલર જસપ્રિત બુમરાહને પીઠની ઈજામાંથી સ્વસ્થ થતા થોડો સમય લાગી શકે છે. ઈજાગ્રસ્ત બુમરાહ ઈંગ્લેન્ડ સામેની આગામી વન-ડે સિરીઝમાં બે વન-ડે ગુમાવશે અને તેના સ્થાને ટીમમાં હર્ષિત રાણાને તક આપવામાં આવી છે. બુમરાહની ઈજા અંગે મેડિકલ ટીમ તરફથી વધુ સ્પષ્ટતાની રાહ જોવામાં આવી રહી હોવાનું અગરકરે જણાવ્યું હતું. જસપ્રિત બુમરાહનો ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયામાં સમાવેશ કરવામાં આવ્યો છે. ચીફ સીલેક્ટર અગરકરે વધુમાં જણાવ્યું હતું કે, બુમરાહને ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણીમાં છેલ્લી ટેસ્ટમાં પીઠમાં ઈજા થઈ હતી. તેને પાંચ સપ્તાહ સુધી કાર્યબોજ હળવો કરવાની સલાહ આપવામાં આવી હતી અને આ જ કારણથી તે ઈંગ્લેન્ડ સામેની બે વન-ડેમાં નહીં રમે. ભારત અને ઈંગ્લેન્ડ સામે ત્રીજી વન-ડે ૧૨ ફેબ્રુઆરીએ અમદાવાદ ખાતે રમાશે. ચેમ્પિયન્સ ટ્રોફી માટે આઈસીસીને ટીમની જાણ કરવાની છેલ્લી તારીખ ૧૧ ફેબ્રુઆરી છે. અગરકરના મતે બુમરાહની ઈજામાં કેટલો સુધારો થયો છે તે અંગે ફેબ્રુઆરીના પ્રારંભમાં અમને ખ્યાલ આવશે. અમે મેડિકલ ટીમ તરફથી તેના ફિટનેસની માહિતીની રાહ જોઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ઓગસ્ટમાં શ્રીલંકા સામે વન-ડે શ્રેણી રમ્યા બાદ ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે ફેબ્રુઆરી ૬, ૯ અને ૧૨ના રોજ દ્વિપક્ષીય વન-ડે સિરીઝ રમશે. અગરકરના મતે બુમરાહની ઈજામાં કેટલો સુધારો થયો છે તે અંગે ફેબ્રુઆરીના પ્રારંભમાં અમને ખ્યાલ આવશે. અમે મેડિકલ ટીમ તરફથી તેના ફિટનેસની માહિતીની રાહ જોઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ઓગસ્ટમાં શ્રીલંકા સામે વન-ડે શ્રેણી રમ્યા બાદ ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે ફેબ્રુઆરી ૬, ૯ અને ૧૨ના રોજ દ્વિપક્ષીય વન-ડે સિરીઝ રમશે.

લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટનના નામની જાહેરાત

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

લખનૌ સુપર જાયન્ટ્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ૨૦૨૫ની સીઝન માટે તેમના નવા કેપ્ટનની જાહેરાત કરી દીધી છે. લખનૌ સુપર જાયન્ટ્સના માલિક સંજીવ ગોએંકાએ પુષ્ટિ કરી છે કે વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંત IPL ૨૦૨૫માં ટીમનું નેતૃત્વ કરશે. ગત સિઝન સુધી કેએલ રાહુલ લખનૌના કેપ્ટન હતા, પરંત IPL ની હરાજી પહેલા તેમને રિલીઝ કરવામાં આવ્યા હતા.

IPL ૨૦૨૫ની મેગા ઓક્શનમાં લખનૌ સુપર જાયન્ટ્સે ઋષભ પંત માટે ઐતિહાસિક બોલી લગાવી હતી. લખનૌએ આ વિસ્ફોટક વિકેટકીપર બેટ્સમેનને ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. આ સાથે પંત IPLના ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બન્યો હતો અને હવે તu IPLના ઈતિહાસનો સૌથી મોંઘો કેપ્ટન પણ બની ગયો છે.

સંજીવ ગોએંકાએ ઋષભ પંત સાથે પ્રેસ કોન્ફરન્સ કરી હતી, જેમાં તેમણે આ જાહેરાત કરી હતી. ગોએંકાએ દાવો કર્યો હતો કે ઋષભ પંત IPLના ઈતિહાસમાં સૌથી મહાન કેપ્ટન બનશે.

તમને જણાવી દઈએ કે ઋષભ પંત પહેલા દિલ્હી કેપિટલ્સનો કેપ્ટન હતો. ગોએંકાએ કહ્યું હતું કે, "હાલમાં લોકો IPLના સૌથી સફળ કેપ્ટનોની યાદીમાં 'માહી (સ્જી ધોની) અને રોહિત'નું નામ લે છે, પરંતુ મારા શબ્દોને યાદ રાખજો, ૧૦-૧૨ વર્ષ પછી તે યાદીમાં 'માહી, રોહિત અને ઋષભ પંત'નું નામ હશે."

ઋષભ પંતે ગત સિઝનમાં દિલ્હી કેપિટલ્સ (DC)ની કેપ્ટનશીપ કરી હતી. તેમને દિલ્હીની ટીમે જાળવી રાખ્યો નહોતો, જેના કારણે તેમણે ૨૦૧૬ પછી પ્રથમ વખત હરાજીમાં પ્રવેશ કર્યો હતો. દિલ્હીની ટીમે પંત માટે રાઈટ ટુ મેચ (RTM) કાર્ડનો ઉપયોગ કર્યો હતો, પરંતુ અંતે લખનૌની ટીમે પંતને ૨૭ કરોડમાં ખરીદ્યો હતો. ઋષભ પંતે ૪૩ મેચમાં દિલ્હી કેપિટલ્સનું નેતૃત્વ કર્યું હતું, જેમાં ટીમે ૨૩ મેચ જીતી હતી અને ૧૯ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે એક મેચ ટાઈ રહી હતી.

IPL ૨૦૨૫ માટે અત્યાર સુધી સાત ટીમોના કેપ્ટન નક્કી કરવામાં આવ્યા છે. લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન ઋષભ પંત, ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન રુતુરાજ ગાયકવાડ, ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલ, રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસન, મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા, પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ અય્યર અને સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સ છે. હવે આરસીબી, કેકેઆર અને દિલ્હી કેપિટલ્સના કેપ્ટનની જાહેરાત થવાની બાકી છે.

દાહોદમાં મનરેગા યોજનામાં ૧૦૦ કરોડના ભ્રષ્ટાચારનો આક્ષેપ

। (એજન્સી) દાહોદ, તા.૨૦ ।

દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં થયેલા ભ્રષ્ટાચાર મુદ્દે વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આજે ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ગયો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે જેનો એક દાખલો ફરિયાદ લઈને રાજ્યના મંત્રીના પોતાના વિસ્તારના, દેવગઢ બારિયાના સ્થાનિક લોકો રજૂઆત કરવા પહોંચ્યા છે. અમિત ચાવડાએ જણાવ્યું કે 'એમને બધા જ લોકોએ એફિડેવિટ કરી, સોગંધનામું રજુ કરીને પોતાની રજુઆત આપી છે કે મનરેગા યોજનામાં દાહોદ જીલ્લાના દેવગઢ વરિયા તાલુકામાં ૧૦૦ કરોડ કરતા વધારે રકમનો ભ્રષ્ટાચાર થયો છે. આ મામલે તપાસ થવી જોઈએ અને જવાબદારો સામે પગલાં લેવા જોઈએ એવી માંગણી લઈને અરજદારો આવ્યા છે. દાહોદ જીલ્લાના દેવગઢ બારિયાના કુવા ગામે એક જ ગામમાં ૪૪ જેટલા રસ્તા મનરેગા યોજનામાં મંજુર કરવામાં આવે છે. જેની અંદાજીત ૧૭ કી.મી. જેટલી લંબાઈ છે. એજ રીતે બીજા રેઢાણા ગામમાં ૩૩ રસ્તા મંજુર કરવામાં આવ્યા, જેની અંદાજીત લંબાઈ ૧૩ કી.મી. છે. આ બધા જ કામોમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. અમિત ચાવડાના આક્ષેપ મુજબ એફિડેવિટમાં રજુ કર્યા મુજબ લગભગ ૪૭ લાખના કામો છે. જેમાં કામ મંજુર કરવામાં આવે છે, સ્થળ ઉપર એક પણ રૂપિયાનું કામ થતું નથી. બારોબર બીલ લખવામાં આવે છે, પૈસા ચૂકવી દેવામાં આવે છે, અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય છે. છેલ્લા ત્રણ વર્ષથી સતત સ્થાનિક લોકો દ્વારા રજૂઆત કરવા છતાં ભ્રષ્ટાચાર અટકતો નથી. ભ્રષ્ટાચારને રોકવા માટે સરકાર તરફથી કોઈપણ કડક કાર્યવાહી થતી નથી કારણે ત્યાં સ્થાનિક મંત્રીના આર્શીવાદથી ભ્રષ્ટાચાર ચાલે છે, એવો સ્થાનિકોનો સ્પષ્ટ આક્ષેપ છે. આક્ષેપ મુજબ ચેક ડેમના કામો, માટી મેટલ, રસ્તાના કામો, તળાવ ઊંડા કરવાના કામો, નહેરોની સુધારણાના કામો, હેન્ડપંપ અને બોરના કામો, આ બધા કામોમાં ત્રણ એજન્સીઓ મટીરીયલ સપ્લાય કરવાનો કોન્ટ્રાકટ લે છે. એમાં ૧. રાજ ટ્રેડર્સ, ૨. રાજ કન્સ્ટ્રકશન, ૩. એન. જે. એન્ટરપ્રાઈઝ, આ ત્રણેય એજન્સીઓના વહીવટકર્તાઓ અને માલિક છે. જેની તપાસ કરીએ તો મંત્રીના અંગત, નજીકના, પરિવારના લોકો છે. સ્થાનિક લોકોએ એફિડેવિટ દ્વારા કહ્યું છે કે આ ત્રણ એજન્સીઓના નામે બીલ બને છે, આ ત્રણ એજન્સી સ્થળ ઉપર એકપણ રૂપિયાનું કામ કર્યા સિવાય બારોબાર પૈસા ઉપાડી લે છે. જયારે એની સામે ફરિયાદ કરવામાં આવે છે તો રાજકીય પીઠબળ હોવાને કારણે, આખી સરકાર તેમાં સામેલ હોવાને કારણે કોઈપણ જાતના પગલા લેવાતા નથી. સરકાર પાસે કોંગ્રેસે માંગણી કરી છે કે છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦૦ કરોડ કરતા વધારેનો ભ્રષ્ટાચાર થયો છે. આખા દાહોદ જીલ્લામાં મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર ચાલે છે. તે અંગે વારંવાર પુરાવાઓ સાથે રજુઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ તપાસ કે કાર્યવાહી થઈ નથી. તે તમામ કામોની, એસ.આઈ.ટી. બનાવીને વિજીલન્સ દ્વારા તપાસ કરવામાં આવે અને જે પણ જવાબદાર લોકો હોય એની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે એવી માંગણી કરીએ છીએ. કોંગ્રેસ પક્ષ તરફથી પણ જે કામો કર્યા સિવાય કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. તેની તપાસ કરવા માટે કમિટી બનાવીને મોકલવામાં આવશે અને સરકાર તપાસ નહી કરે તો બિનરાજકીય રીતે સામાજિક સંગઠનોને જોડીને તપાસ કરાવીને ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવામાં આવશે.

ન્યૂઝ બ્રિફ

ધોરણ-૯ અને ૧૧ની નવી સ્કૂલો શરૂ કરવા ૩૧મી સુધી અરજી કરી શકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષથી ધોરણ-૯ અને ધોરણ-૧૧ની ખાનગી સ્કૂલો શરૂ કરવા ઓનલાઈન અરજી કરવાની મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. ૨૦ ડિસેમ્બરથી શરૂ થયેલી આ કાર્યવાહીમાં ૧૯ જાન્યુઆરી સુધીની મુદત અપાઈ હતી. જોકે, હવે શિક્ષણ બોર્ડ દ્વારા ૩૧ જાન્યુઆરી સુધીની મુદત વધારવામાં આવી હોવાનું જાણવા મળે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે નવી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ૨૦ ડિસેમ્બરથી ઓનલાઈન અરજી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સંસ્થાઓ ૧૯ જાન્યુઆરી સુધી જરૂરી આધાર પુરાવા સાથે ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરાઈ હતી. આમ, સંસ્થાઓને નવી ધોરણ-૯ અને ધોરણ-૧૧ની સ્કૂલો શરૂ કરવા માટે ૩૨ દિવસનો સમય અપાયો હતો. દરમિયાન, સંચાલક મંડળ દ્વારા નવી સ્કૂલો શરૂ કરવા માટે સંસ્થાઓને આપવામાં આવતા દિવસોમાં વધારો કરવા રજૂઆતો કરવામાં આવી હતી. જેમાં સંચાલક મંડળે વધુ પંદર દિવસની મુદત લંબાવવામાં આવે તો અનેક સંસ્થાઓ જે પુરતા ડોક્યુમેન્ટ એકત્ર કરી શકી ન હોવાથી અરજી કરી શકી ન હોવાથી તેમને તક મળે તે માટે માગણી કરાઈ હતી.

કોલ્ડ પ્લે કોન્સર્ટની ટિકિટની કાળાબજારી કરતો યુવક ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ ઈન્ટરનેશનલ મ્યુઝિક કોન્સર્ટ કોલ્ડ પ્લે યોજાવાનો છે. આ કોન્સર્ટને લઈને યુવાધનમાં ભારે ક્રેઝ છે. જેના કારણે ટિકિટોની કાળા બજારી કરનાર લોકો પણ સક્રિય થયા છે. આ કોન્સર્ટને લઈને સ્થાનિક પોલીસ, ક્રાઈમબ્રાંચ સહિતની એજન્સીઓ ખાનગી રાહે વોચ રાખી રહી છે. તેવામાં ચાંદખેડા પોલીસે કોન્સર્ટની ટિકિટ બ્લેકમાં વેચનાર એક યુવકની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી પાસેથી છ ટિકિટ કબજે કરી હતી. આરોપી પાસેથી મળેલી ટિકિટોમાં ૨૫૦૦ રૂપિયાની ટિકિટ ૧૦ હજારમાં અને ૪૫૦૦ રૂપિયાની ટિકિટ ૧૫ હજારમાં વેચાણ કરવાનો હોવાનું ખુલ્યું છે. ચાંદખેડાના પીઆઈ નિકુંજ સોલંકીની ટીમ બ્લેકમાં ટિકિટ વેચનારાઓ પર વોચ રાખીને બેઠી હતી. તેવામાં બાતમી મળી હતી કે એક યુવક કોલ્ડ પ્લે કોન્સર્ટની ટિકિટ બ્લેકમાં વેચી રહ્યો છે.

ચોમાસા દરમિયાન પાંચ થી છ વખત ભુવા પડેલા હતા

સમા વિસ્તારમાં ડ્રેનેજની કામગીરીમાં વેઠ ઉતારવામા આવતા તપાસની માંગણી

આ કામગીરીમાં કોન્ટ્રાક્ટર દ્વારા વેઠ ઉતારવામાં આવી રહી હોવાનો આક્ષેપ વિસ્તારના રહીશો અને અગ્રણીઓએ કર્યો છે

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના સમા વિસ્તારમાં જય યોગેશ્વર સોસાયટી પાસે ડ્રેનેજ લાઈનની કામગીરી થોડા સમય પહેલા શરૂ કરવામાં આવી છે. આ કામગીરીમાં કોન્ટ્રાક્ટર દ્વારા વેઠ ઉતારવામાં આવી રહી હોવાનો આક્ષેપ વિસ્તારના રહીશો અને અગ્રણીઓએ કર્યો છે. તેમના કહેવા મુજબ આ વિસ્તારમાં ચોમાસા દરમિયાન પાંચ થી છ વખત ભુવા પડેલા હતા અને ડ્રેનેજ લાઈન કંડમ થઈ જતા મોટો ખર્ચ કરી નવી નાખવી પડી રહી છે. કામગીરી માર્ચ ૨૦૨૪ માં શરૂ થવાની હતી તેના બદલે ૯ મહિના મોડી શા માટે શરૂ કરવામાં આવી છે તે અંગે સવાલ ઉઠાવવામાં આવ્યો છે. કામગીરી પૂર્ણ કરવાની મુદત ૧૧ મહિનાની હતી અને હવે ટૂંક સમયમાં મુદત પૂર્ણ થતા ફરી પાછું એક્સટેન્શન અપાશે અને તેમાં ગેરરીતિ કરવામાં આવશે તેવો આક્ષેપ કોંગ્રેસના પપ્પુએ કર્યો છે, અને વધુમાં કહ્યું છે કે ટેન્ડરની શરતો મુજબ કોઈ કામગીરી થતી નથી. માટી પુરાણથી માંડીને કામગીરીમાં સિમેન્ટ કોંક્રીટ અને પાઈપોના જોઈન્ટ માં સિમેન્ટ વાપરી નથી. રેતી અને માટીના ઢગલા કરી દઈ રોડ બંધ કરી દેવામાં આવ્યો છે, એટલી હદે ખોદકામ કર્યું છે કે આજુબાજુની મકાનો અને કમ્પાઉન્ડ ની દીવાલોને નુકસાન થઈ રહ્યું છે. કોર્પોરેશનના ઈજનેરો કે સલાહકારના ઈજનેરો સ્થળ પર જોવા મળતા નથી. પોલમપોલની જે કામગીરી થઈ રહી છે તેના લીધે સમાને ફરી પાછું પુરમાં તંત્ર ડુબાડવા માંગે છે.

AIIMSની મુલાકાત બાદ રાહુલ ગાંધીનો નડ્ડાને પત્ર

કડકડતી ઠંડીમાં રસ્તે સૂતા લોકો માટે પણ પાણી નથી

આ પત્ર મારફત રાહુલે દર્દીઓને અને તેના પરિવારજનોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માગ કરી છે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૦ ।

દિલ્હીની AIIMSની સુવિધાઓ અંગે કોંગ્રેસ સાંસદ અને વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ ચિંતા વ્યક્ત કરતાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડા અને દિલ્હીના મુખ્યમંત્રી આતિશીને પત્ર લખ્યો છે. આ પત્ર મારફત રાહુલ ગાંધીએ દર્દીઓને અને તેના પરિવારજનોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માગ કરી છે.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે, દેશભરમાંથી દિલ્હી AIIMS આવતાં દર્દીઓ અને તેમના પરિજનોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે દિલ્હી મુખ્યમંત્રી અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીને પત્ર લખ્યો છે. મેં છેલ્લા કેટલાક દિવસોથી નોંધ લીધી છે કે, કડકડતી ઠંડીમાં દર્દીના પરિવારજનો મેટ્રો સ્ટેશન નીચે સૂવા મજબૂર છે. તેમના માટે ત્યાં પાણીની કે શૌચાલયની સુવિધા નથી. આસપાસ પણ ગંદકી અને કચરાઓના ઢગલાં જોવા મળી રહ્યા છે.

કોંગ્રેસ નેતાએ પત્રમાં લખ્યું છે કે, આટલી મોટી સંખ્યામાં દર્દીઓ દિલ્હીની AIIMS આવી રહ્યા છે, જે દર્શાવે છે કે, તેમને તેમના નિવાસ સ્થાને સારી, સસ્તી સ્વાસ્થ્ય સેવાઓ મળી રહી નથી. આશા છે કે, મારા પત્રની નોંધ લેતાં દિલ્હીના મુખ્યમંત્રી અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી આ માનવીય સંકટને દૂર કરવા તાત્કાલિક પગલાં લેશે. તેમજ આગામી બજેટમાં પબ્લિક હેલ્થકેર સિસ્ટમને મજબૂત બનાવવા નિર્ણાયક પગલાં ઉપરાંત જરૂરી સંસાધનોમાં પણ વધારો કરશે.

૧૦ દિવસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો પરંતુ તેની તબિયત ત્યારે વધુ ખરાબ થઈ ગઈ

પાંડેસરામાં ચાર વર્ષના છોકરાનું તાવથી મૃત્યુ થયું

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરતમાં ફરી એકવાર રોગચાળાએ માથું ઉંચક્યું લાગે છે, પ્રાથમિક અહેવાલો મુજબ પાંડેસરામાં એક ૪ વર્ષના છોકરાનું તાવથી મૃત્યુ થયું છે. તે ૧૦ દિવસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો પરંતુ તેની તબિયત ત્યારે વધુ ખરાબ થઈ ગઈ. જ્યારે તેની તબિયત વધુ ખરાબ થઈ ગઈ, તેને સ્મીમર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો, જ્યાં થોડી સારવાર બાદ બાળકનું મોત નીપજ્યું. એડીસ મચ્છર સ્વચ્છ પાણીમાં ઇંડા મૂકે છે. જેમાં પહેલા લાર્વા વિકસે છે, પછી પ્યુપા અને પુખ્ત મચ્છર. આમ, ઇંડાને પુખ્ત મચ્છરમાં વિકસિત થવામાં ૭ થી ૧૦ દિવસ લાગે છે. મચ્છરોનું જીવન ચક્ર ટૂંકું હોય છે અને પ્રજનન ઝડપી હોવાથી, તેમનો ફેલાવો ટૂંકા ગાળામાં ખૂબ જ ઝડપી હોય છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં, લોકોમાં સ્વચ્છતાનો અભાવ, તેમના સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી અને માનવીય બેદરકારીને કારણે મચ્છરોના પ્રજનન માટે સરળતાથી ઉપલબ્ધ સ્વચ્છ પાણીના કન્ટેનરને કારણે મચ્છરોનું ઉત્પાદન વધે છે. ડેન્ગ્યુ તાવ એ એડીસ એજીપ્તી અને એડીસ આલ્બોપિક્ટસ મચ્છરો દ્વારા ફેલાતો વાયરલ રોગ છે. ડેન્ગ્યુ ઉપરાંત, એડીસ મચ્છર ચિકનગુનિયા, પીળો તાવ અને ઝિકા વાયરલ ચેપ ફેલાવે છે. વિશ્વના ૫૦% લોકો આ રોગના જોખમમાં છે. ગંભીર ડેન્ગ્યુ, જેને ડેન્ગ્યુ હેમોરહેજિક ફીવર કહેવાય છે, તે જીવલેણ છે. વાતાવરણને કારણે વાયરલ ચેપ સહિત પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોનું જોખમ વધે છે, તેથી બાળકોની ખાસ કાળજી લેવી ખૂબ જ મહત્વપૂર્ણ છે અને પાણીજન્ય રોગોથી બચવા માટે, પાણી ઓછામાં ઓછા ૨૦ મિનિટ સુધી ઉકાળવું જોઈએ, ઠંડુ કરવું જોઈએ અને પીતા પહેલા ફિલ્ટર કરવું જોઈએ. ચોમાસાની ઋતુમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો ફેલાય છે અને આ વર્ષે હજુ પણ સતત વરસાદ પડી રહ્યો છે, જેના કારણે અમદાવાદ શહેરમાં રોગચાળો વધી રહ્યો છે. શહેરની ખાનગી અને સરકારી હોસ્પિટલો દર્દીઓથી ભરેલી છે. ચોમાસાની ઋતુમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો ફેલાય છે અને આ વર્ષે હજુ પણ સતત વરસાદ પડી રહ્યો છે, જેના કારણે અમદાવાદ શહેરમાં રોગચાળો વધી રહ્યો છે. શહેરની ખાનગી અને સરકારી હોસ્પિટલો દર્દીઓથી ભરેલી છે.

આણંદમાં બળાત્કારનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો

આણંદમાં માતા બોલાવે છે તેમ કહી ૧૮ વર્ષની યુવતી પર બળાત્કાર

। (એજન્સી) આણંદ, તા.૨૦ ।

થોડા દિવસો પહેલા આણંદમાં બળાત્કારનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જેમાં આણંદના ઉમરેઠમાં એક છોકરી પર બળાત્કાર થયો હતો. આ ઘટનામાં, ૨૧ વર્ષનો યુવક ૧૮ વર્ષની છોકરીને એમ કહીને ઘરે લઈ ગયો કે તેની માતા તેને બોલાવી રહી છે. જે બાદ તેણે યુવતી પર બળાત્કાર ગુજાર્યો.

હજી બંને વચ્ચે ત્રણ મહિના પહેલાં જ પરિચય થયો હતો. આ સમગ્ર ઘટના અંગે યુવતીએ ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઉમરેઠ પોલીસે ઉમરેઠથી જ આરોપી પાર્થ રાવલની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે આરોપી અને યુવતી ૩ મહિના પહેલા મળ્યા હતા. પછી છોકરીના વિશ્વાસનો લાભ લઈને યુવકે બળાત્કારનો ગુનો કર્યો.

આ ઘટનાને લઈને નાગરિકોમાં રોષ છે. રાજ્યમાં વારંવાર બનતી બળાત્કારની ઘટનાઓને કારણે લોકો આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. લોકોએ એવી પણ માંગ કરી છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે આવું ઉદાહરણ સ્થાપિત કરવું જોઈએ. આ ઘટનાને લઈને નાગરિકોમાં રોષ છે. રાજ્યમાં વારંવાર બનતી બળાત્કારની ઘટનાઓને કારણે લોકો આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. લોકોએ એવી પણ માંગ કરી છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે આવું ઉદાહરણ સ્થાપિત કરવું જોઈએ.

રૂપરાઈ તળાવનું નવીનીકરણ પૂર્ણતાના આરે પહોંચ્યું છે

કચ્છમાં માતાના મઢ ધામમાં ૩૨.૭૧ કરોડના ખર્ચે વિકાસના કામો શરૂ

। (એજન્સી) ભૂજ, તા.૨૦ ।

કચ્છના તીર્થધામ દેશદેવી મા આશાપુરા માતાજીના સ્થાનક માતાનામઢમાં વિકાસની નવી કેડી કંડારાઈ રહી છે. રૂ.૩૨.૭૧ કરોડના ખર્ચે આ તીર્થધામનો વિકાસ કરાઈ રહ્યો છે. જેમાં રૂપરાઈ તળાવનું નવીનીકરણ પૂર્ણતાના આરે પહોંચ્યું છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૧ના બજેટમાં ફાળવવામાં આવેલી આ રકમમાંથી પ્રવાસન અને યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આશાપુરા માતાજીનું મંદિર, રૂપરાઈ તળાવ, ચાચરા કુંડ અને ખટલા ભવાની મંદિર સહિતના સ્થળોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. રૂપરાઈ તળાવની કાયાપલટ કરવામાં આવી છે, જેમાં પાકા બાંધકામ સાથે ગોળાકાર સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ તળાવની ફરતે આધુનિક લાઈટિંગ સિસ્ટમ, આરામદાયક બેન્ચીસ અને બાળકો માટે રમત-ગમતના સાધનો મૂકવામાં આવ્યાં છે. તળાવની ફરતે પ્રદક્ષિણા અને વોકિંગ માટેનો માર્ગ બનાવવામાં આવ્યો છે, જ્યાં વિવિધ સ્થળોએ છાયડા માટે છાવણીઓ પણ ઊભી કરવામાં આવી છે. તળાવના ઓગન પાસે વિવિધ યોગાસનની મુદ્રાઓમાં પ્રતિમાઓ મૂકવામાં આવી છે, જે આકર્ષણનું કેન્દ્ર બની છે.

ઓનલાઇન ટાસ્ક પૂરા કરવાના બહાને યુવક સાથે ત્રણ લાખ રૂપિયાની ઠગાઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ઓનલાઈન ટાસ્ક પૂરા કરવાના બહાને કૃષ્ણનગરના યુવક સાથે ૩.૦૯ લાખ રૂપિયાની ઠગાઈ થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. જેમાં યુવકને પહેલો ટાસ્ક પૂરો કરવા સામેવાળાએ ૧૦૦૦ રૂપિયા ગૂગલ પેથી નખાવ્યા હતા. ત્યારબાદ ગણતરીની મિનિટોમાં જ ૧૪૧૦ રૂપિયા પરત કરતા યુવકને વિશ્વાસ આવી ગયો હતો અને તેણે જુદા જુદા એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા. નિકોલ વિસ્તારમાં ૨૭ વર્ષિય ફેનિલ સુરેશભાઈ ગોયાણી પરિવાર સાથે રહે છે અને લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. તે પોતાના ઉપયોગ માટે બેંક ઓફ મહારાષ્ટ્ર અને કોટક મહિન્દ્રા બેંકમાં ખાતું ધરાવે છે. ૧૨ જાન્યુઆરીના રોજ ફેનિલ પોતાના ઘરે હાજર હતો ત્યારે વોટ્સએપમાં અજાણ્યા નંબરથી મેસેજ આવ્યો હતો અને તમે ટાસ્ક રમી પૈસા કમાવા ઈચ્છો છો તેવી પુચ્છા કરી એક લીંક મોકલી હતી. જેથી ફેનિલે તે લીંક ઓપન કરી હતી અને એક ટાસ્ક પૂરો કરતા રૂ. ૨૧૦ રૂપિયા જમા થયા હતા. ત્યારબાદ બીજી અન્ય ચેનલોમાં પણ તે જોડાયો હતો અને ટાસ્ક પૂરા કર્યા હતા. જેના બદલામાં નજીવી રકમ તેના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી. છેલ્લે વિનોદ શર્મા નામની ટેલિગ્રામ ચેનલ પરથી એક લીંક મોકલી હતી અને કહ્યું હતું કે, ૧૦૦૦ રૂપિયા ગૂગલ પેથી મોકલી આપો થોડા સમયમાં બીજા પૈસા કમાઈને આપીશું. તેથી તાત્કાલીક ૧૦૦૦ રૂપિયા ગૂગલ પે કરતા અડધો કલાકમાં ૧૪૧૦ રૂપિયા પરત મોકલી આપ્યા હતા. જેથી ફેનિલને વિશ્વાસ આવી ગયો હતો તેથી તેણે ફરી ૩૦૦૦ મોકલી આપ્યા હતા અને ત્યારબાદ ૩૦૦૦ પરત મેળવવા કહ્યું હતું. ત્યારે સામેવાળી વ્યક્તિએ એક ટાસ્ક પૂરો કરો અને ૨૫ હજાર જમા કરાવો તેવી લાલચ આપી હતી. ઉપરાંત તમારા પૈસાનું ક્રિપ્ટોમાં રોકાણ કરીશું અને ઘણું મોટું વળતર મળશે તેમ કહી યુનીકોન નામની ક્રિપ્ટો કરન્સી ખરીદવા અલગ અગલ ખાતા નંબર મોકલી આપ્યા હતા. જેથી જુદા જુદા છથી વધુ ખાતામાં ટુકડે ટુકડે ફેનિલે ૩.૦૯ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. જેની સામે એક લીંક મોકલી આપી હતી.

સાસરીયાઓએ બીજી દિકરી જન્મતા વહુને ઝેર પીવડાવ્યું

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

એક તરફ બેટી બચાવોની વાત સરકાર દ્વારા કરવામાં આવે છે અને બીજી તરફ હજુ પણ દીકરીના જન્મથી પરિવાર ના ખુશ હોય તેવા કિસ્સા સામે આવે છે. ત્યારે આવી જ એક ઘટના સુરતના ઉમરવાડા વિસ્તારમાં સામે આવી છે. બીજી દીકરીનો જન્મ થતા પતિ પત્ની વચ્ચે અવારનવાર ઝઘડાઓ થતા હતા. એક દિવસ તો પતિએ હદ કરી નાખી હતી. આ ઝઘડામાં પતિએ પત્નીનું મોઢું દબાવી દીધુ અને નણંદે ઉંદર મારવાની દવા પરિણીતાને પીવડાવી દીધી હતી. તો બીજી તરફ આ ઘટનાને લઈને પતિ અને નણંદ સામે પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે બંનેની ધરપકડ કરી વધુ તપાસ કરી છે. સુરતના ઉમરવાડા વિસ્તારમાં પતિ સાથે રહેતી પરિણીતા તસ્લીમાના લગ્ન ત્રણ વર્ષ પહેલા આકિબ યુસુફ અન્સારી નામના યુવક સાથે થયા હતા. લગ્ન બાદ પરણીતાએ એક દીકરીને જન્મ આપ્યો હતો. જે બાદ તે ફરીથી ગર્ભવતી થતા બીજી દીકરીનો જન્મ થયો હતો. દીકરીનો જન્મ થયો હોવાની વાત આકીબ અને તેના પરિવારના સભ્યોને પસંદ ન હતી. આકીબ અને તેની પત્ની વચ્ચે આ વાતને કારણે અવારનવાર ઝઘડાઓ પણ થતા. તો થોડા મહિના પહેલા જ આકીબની બહેનની સગાઈ થઈ હોવાને લઈને અણબનાવમાં આકિબ દ્વારા તેની પત્ની તસ્લીમાને માર મારવામાં આવ્યો હતો. પતિ પત્ની વચ્ચે જે ઝઘડાઓ થતા હતા. તો ઘણી વખત આ ઝઘડા ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા હતા. ૧૭ જાન્યુઆરીના રોજ ફરીથી આકીબ અને તેની પત્ની વચ્ચે ઝઘડો થયો હતો અને બીજી દીકરીના જન્મ બાબતનો રોષ રાખીને આ ઝઘડાની અદાવતમાં પતિએ પોતાની પત્નીનું મોઢું પકડી રાખ્યું હતું.

હાલોલ GIDCમાં મેગા ઓપરેશન, સિંગલ યુઝ પ્લાસ્ટિકનું ઉત્પાદન કરનારાને ત્યાં દરોડા

। (એજન્સી) પંચમહાલ, તા.૨૦ ।

પંચમહાલ હાલોલમાં જીઆઈડીસીમાં મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. હાલોલમાં જીઆઈડીસીમાં પ્લાસ્ટિકના એકમો પર દરોડા પાડવામાં આવ્યા છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉત્પાદન કરતાં એકમો પર દરોડા પાડવામાં આવ્યા છે. આના પગલે મોટા પ્રમાણમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ૫૦ હજાર કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. જીપીસીબી, નગરપાલિકા, રેવન્યુ સહિત ૧૦થી વધુ ટીમે કામગીરી નીભાવી છે. પોલીસ બંદોબસ્ત સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સરકારે સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. આના પગલે હવે તેનું ઉત્પાદન તથા વેચાણ ગેરકાયદેસર છે. તેથી આ આખી પ્રવૃત્તિ ગેરકાયદેસરની બની ગઈ છે.